
ॐ

॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



વર્ષ -૨૮ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ)
VOL - XXVIII 2012-13 ISSUE-III

માનદ તંત્રી : નૈષધ વ્યાસ
સંકલન : ડૉ. સ. સ. ભિક્ષુ

'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ

આસોવદ ૧૦ (દસમ)ને ઓમ્‌પરિવાર, પૂજ્ય ગુરુદેવની જન્મ જયંતીને **''ઓમ્‌ગુરુદેવ જયંતી''** તરીકે ઊજવે છે. દર વર્ષે ઊજવાતી આ તિથિ ઓમ્‌પરિવારના સર્વે ઉત્સાહથી ઊજવે છે અને પૂજ્યશ્રીને શુભેચ્છા પાઠવે છે. વિક્રમ સંવત ૨૦૬૮ આસો વદ ૧૦ શુક્રવારે પૂજ્યશ્રીએ ૮૪ વર્ષ પૂરાં કર્યાં છે અને ૮૫મું વર્ષ શરૂ થયું છે. ઓમ્‌પરિવારે **''શ્રી ગુરુદેવ શુભેચ્છા વર્ષ''** તરીકે ઊજવવાનું નિર્ધારિલ છે. શ્રી ગુરુદેવ આટલી ઉંમરે પણ પોતાનું શરીર નરમગરમ રહેતું હોવા છતાં પોતાના ભક્તોને આશીર્વાદ આપવા ઘણાખરા કાર્યક્રમોમાં હાજરી આપવા પ્રયત્ન કરે છે. જ્યાં શક્ય ન હોય ત્યાં **'ટેલિ આશિષ'** (ટેલિફોન દ્વારા આશીર્વાદ) આપી ભક્તોના મનને ઉત્સાહિત કરે છે અને સાચી સમજણની કલ્યાણકારી વાતો સમજાવે છે.

સંત તો સંત જ હોય છે. તેઓ પોતાના શરીરના ભોગે લોકકલ્યાણ ઇચ્છે છે. પૂજ્યશ્રી સાચા સંત છે અને એમને હૈયે લોકકલ્યાણ વસેલું છે.

ઓમ્‌પરિવારના તેમના ભક્તો ફૂલ નહીં તો ફૂલની પાંખડીરૂપે શુભેચ્છા વર્ષ દરમ્યાન પોતાની શક્તિ-ભક્તિ પ્રમાણે ભાગ લેવા ઇચ્છા દર્શાવી છે, જેના ભાગરૂપે નીચેના કાર્યક્રમો વિચારેલ છે.

(૧) 'ઓમ્ ગુરુ ઓમ્‌ના મંત્રજાપ (વિશ્વશાંતિ અર્થે) જેને જેટલી અનુકુળતા હોય એ પ્રમાણે દરેકે દરેક સભ્ય **'ઓમ્ ગુરુ ઓમ્'**ના મંત્રજાપ કરશે. કાર્યક્રમ પ્રમાણે ૮.૫ કરોડ મંત્ર વિચારેલ છે. જે અત્યાર સુધીમાં ૧૦ કરોડ નોંધાયા છે. જેને મંત્ર કરવા હોય અને તેમની ઇચ્છા હશે તો મંત્ર ગણતરી માટેનાં ફોર્મ પણ આપવામાં આવશે.

**સાવધાન : મંત્રજાપ શક્ય હોય તેટલા વધુમાં વધુ કરવા પણ એટલા વધુ નહીં કે મગજ ગરમ થઈ જાય કે મગજ થાકી જાય. વિવેક બુદ્ધિ વાપરવી.**

(૨) વિક્રમ સંવત ૨૦૬૯ના દર માસની વદ ૧૦ મે, ૮ કલાકના ગુરુમહિમાના પાઠ સાંજના ૪થી રાત્રિના ૧૨ સુધી ટ્રસ્ટની ઑફિસે ૩૮, રવિકુંજ ફ્લેટ્સ, પ્રભાતચોક, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧ મુકામે નિર્ધારિલ છે. જેનો પ્રથમ કાર્યક્રમ તા. ૯-૧૨-૨૦૧૨ના દિવસે છે.

જેમને ભાગ લેવાની ઇચ્છા હોય તે ફોન નં. ૦૭૯-૨૭૯૧૧૧૯૫, ૯૮૨૫૦ ૨૩૩૦૪ પર જાણ કરી શકે છે.

(૩) નવે. ૨૦૧૨ થી ૨૦૧૩ ઓક્ટો સુધી, દર મહિનાની ૨૭ તારીખે, સાંજે ૬.૩૦થી ૮.૩૦ **'સ્વાધ્યાય મિલન'** થશે, જેનું સ્થળ બદલાતું રહેશે.

તા. ૨૭મી નવેમ્બરે પૂજ્યશ્રીનો જન્મદિવસ છે. તા. ૨૭-૧૧-૧૨નો કાર્યક્રમ પલિયડનગર ખાતે ઊજવાઈ ગયો અને તા. ૨૭-૧૨-૧૨નો ઊજવાશે, જેનું સરનામું નીચે પ્રમાણે છે.

શ્રી દામોદરભાઈ અંબાલાલ પટેલ, ૧/૧, શ્રીકુંજ ફ્લેટ્સ, રન્નાપાર્ક પાસે, પ્રભાતચોક, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧

(૪) આ ઉપરાંત ઋતંભરાના સભ્યો વધારવા, પુસ્તકનો પ્રચાર-પ્રસાર કરવો.

ઉપરની તારીખો સિવાય પણ જેની ઇચ્છા હશે તેમને ત્યાં, સ્વાધ્યાયમિલનનું આયોજન થઈ શકશે તેમજ ધૂન કે ગુરુમહિમાના પાઠ પણ થઈ શકશે.

જેમને પૂજ્યશ્રીનું સાહિત્ય વાંચવાની ઇચ્છા હોય, કાર્યક્રમમાં હાજર ન રહી શકતા ભક્તોને થઈ ગયેલા કાર્યક્રમ જોવા હોય તો નીચેની વેબસાઇટ પર અને ફેસબુક પર જોઈ શકાશે.

ફેસબુક : yogabhikshu.aumparivar વેબસાઇટ : www.yogabhikshu.org
email : aumparivar@yahoo.com

ડૉ. સ.સ.ભિક્ષુના જય નારાયણ - જય ઓમ્‌ગુરુદેવ

॥ ॐ ॥
॥ तस्य वाचकः प्रणवः ॥

# રુતમ્ભરા (ઋતમ્ભરા) એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું
## બહુજનહિતાય-બહુજનસુખાય

**વર્ષ - ૨૮ (જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ)** **માનદ તંત્રી : નૈષધ વ્યાસ**
**VOL - XXVIII 2012-13** **ISSUE-III** **સંકલન : ડૉ. સ.સ. ભિક્ષુ**

# મુક્તા
## પાતંજલ યોગદર્શન - સમાધિપાદ

**યોગભિક્ષુ**

પતંજલિ મુનિ કહી રહ્યા છે કે નિર્વિચાર સમાધિમાં પ્રવીણતા પ્રાપ્ત કરી લેવાથી અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત થાય છે. અધ્યાત્મનો પ્રસાદ પ્રાપ્ત કરી લેવાથી બુદ્ધિમાં નિર્મળપણું આવે છે. બુદ્ધિમાં નિર્મળપણું આવવાથી પ્રજ્ઞા ઋતથી- અનુભવેલા સત્યથી ભરાઈ જાય છે.

સાંભળીને તથા અનુમાન કરીને વિષયો વિશેની જે સમજણની પ્રાપ્તિ કરી હતી તેના કરતાં (ઋતંભરા) પ્રજ્ઞાથી ઉત્પન્ન સમજણ મળી તે જુદા જ પ્રકારની હતી — વિશેષ અર્થવાળી હતી. અસ્તુ.

**તજ્જઃ સંસ્કારો અન્ય સંસ્કાર પ્રતિબન્ધિ ।।૫૦।।**

**ભાવાર્થ :** તેથી (શુભ સંસ્કારોથી) બીજા (અશુભ) સંસ્કારોનો પ્રતિબંધ થઈ જાય છે.

**વિસ્તાર :** સાચા નિર્ણયોની પ્રાપ્તિ થવાથી ચિત્તમાં સાચા સંસ્કારો પડે છે. સત્ય અને અસત્ય નિર્ણયોના દરેકના પોતાના સંસ્કારો હોય છે. ખોટા નિર્ણયો દ્વારા ખોટા સંસ્કારો પડવાના અને સાચા નિર્ણયોથી સાચા સંસ્કારો પેદા થવાના. સાચા સંસ્કારો ઉત્પન્ન થવાથી, જે ખોટા સંસ્કારો ઉત્પન્ન થયા હતા — જમા થયા હતા તે તમામનો એક પછી એક નાશ થઈ જાય છે અને નવા ઉત્પન્ન થતા નથી. તજ્જઃ એટલે તે સંસ્કારો. સાચા નિર્ણયો દ્વારા જે સાચા સંસ્કારો ઉત્પન્ન થયા હતા તે, પછી ખોટા સંસ્કારોનો પ્રતિબંધ કરે છે - તેને રોકી દે છે.

"અન્ય" એટલે અન્ય સંસ્કારને એટલે કે ખોટા, અકલ્યાણકારી, પૂર્વગ્રહયુક્ત સંસ્કારોને રોકે છે - તેનો પ્રતિબંધ કરે છે. કોણ? સાચા સંસ્કારો-નિર્ણયો કે જે શ્રુત અને અનુમાનની પ્રજ્ઞા કરતાં વિશેષ અર્થવાળી પ્રજ્ઞાથી ઉત્પન્ન થયા હતા તે.

સાચા સંસ્કારો દ્વારા ખોટા સંસ્કારોને અટકાવી દેવાથી શું થાય છે તે હવે કહે છે.

**તસ્યાપિ નિરોધે સર્વ**
**નિરોધાન્નિર્બીજ સમાધિઃ ।।૫૧।।**

**ભાવાર્થ :** તેના (ખોટા-અશુભ સંસ્કારોને રોકવાવાળા સાચા-શુભ સંસ્કારોના) પણ નિરોધથી સર્વ સંસ્કારોનો નિરોધ થઈ જાય છે તે સ્થિતિને નિર્બીજ સમાધિ કહે છે.

**વિસ્તાર :** "તસ્યાપિ નિરોધે" અર્થાત્, સાચા સંસ્કારોના પણ નિરોધથી શાનો નિરોધ થયો? સર્વનો.

સાચા સંસ્કારોએ ખોટા સંસ્કારોનો તો નિરોધ કરી નાખ્યો, પણ ખોટા સંસ્કારોનો નાશ કરતાં કરતાં એક એવી અવસ્થા સ્વયં આવી કે ખોટા સંસ્કારોનો નિરોધ કરવાના સાચા સંસ્કારોનો પૂર્ણ નિરોધ થઈ ગયો, ત્યારે એટલી એકાગ્રતા થઈ કે, જેને 'નિરોધ' કહેવામાં આવી. અતિએકાગ્રતાથી ઉપરની અવસ્થાનું નામ 'નિરોધ

અવસ્થા'. ખોટા સંસ્કારોનો નિરોધ કરનારા સાચા સંસ્કારો, પોતે પણ સર્વનો નિરોધ કરીને નિરોધ થઈ જાય ત્યારે તે અવસ્થાને 'નિર્બીજ સમાધિ' કહે છે.

ખોટા સંસ્કારોને રોકનારા સાચા સંસ્કારો પણ એક બીજ, એક આલંબન હતા. જ્યારે તેનું આલંબન પણ ગયું ત્યારે તેનું નામ થયું 'નિર્બીજ સમાધિ'. આ થઈ ઊંચામાં ઊંચી સમાધિ.

નિર્બીજ સમાધિ પ્રાપ્ત ના થાય, સાધનાનું છેલ્લું લક્ષ્ય - છેલ્લું ધ્યેય પ્રાપ્ત ના થાય ત્યાં સુધી ગંભીરપણે સાધનારત રહેવું જોઈએ. પગમાં વાગેલા કાંટાને બીજા કાંટાથી કાઢી શકાય છે, પરંતુ પગનો કાંટો નીકળી ગયા પછી કાઢનાર કાંટાને પણ ત્યાગી દઈએ છીએ. વાગેલા કાંટાને તથા તેને કાઢનારા કાંટાને - બંનેને ફેંકી દઈએ છીએ, એકને પણ રાખતા નથી. ખોટા સંસ્કારોને દૂર કરનાર જે સાચા સંસ્કારો હતા એ પણ એક હથિયાર હતું. શાનું? વાગેલા કાંટાને કાઢવાનું, ખોટા સંસ્કારોનો નિરોધ કરવાનું. તેથી ખોટાનો નિરોધ કરીને પોતે પણ નિરોધ થઈ ગયા, સાચાનો પણ પ્રતિબંધ થઈ ગયો. આ જગ્યાએ 'બંધ' ના કહેતાં 'પ્રતિબંધ' કહ્યું છે. પ્રતિબંધ એટલે પૂર્ણ બંધ. એવો બંધ કે જે ફરીને કદી ખૂલે નહીં, કદી ઉત્પન્ન ના થાય. આગળ જે બંધ અર્થાત્ એકાગ્રતાની વાત આવી તે બંધ અમુક સમય પૂરતો જ; પણ હવે જે પ્રતિબંધ થશે - નિર્બીજ સમાધિ દ્વારા સંસ્કારોનો જે પ્રતિબંધ થશે તે એવો થશે કે ફરીને તે સંસ્કારો ઉત્પન્ન જ ના થાય, જેમ શેકેલું બીજ નથી ઊગી શકતું તેમ. સાચા-ખોટા બધા જ સંસ્કારોને નિરોધાવસ્થાએ ભૂંજી નાખ્યા, હવે નિર્બીજ સમાધિની પ્રાપ્તિ થઈ ગઈ.

સમાધિપાદનું એકાવનમું સૂત્ર સમાપ્ત થયું.

**ઈતિ શ્રી પાતંજલે યોગશાસ્ત્રે**
**સમાધિનિર્દેશો નામ પ્રથમ પાદ :**

**ભાવાર્થ :** પતંજલિ મુનિના યોગશાસ્ત્રનો સમાધિપાદ નામનો પ્રથમ પાદ (પહેલો ભાગ) પૂર્ણ થયો.

યોગશાસ્ત્રના સમાધિપાદનો પ્રારંભ "અથઃ" શબ્દથી થયો હતો અને તે પૂર્ણ "ઈતિ" શબ્દથી થયો. અસ્તુ.

(ક્રમશઃ)

("મુક્તા" પુસ્તકમાંથી સાભાર)

## પ.પૂ.શ્રી. ગુરુદેવ યોગભિક્ષુજીરચિત મંત્રવિજ્ઞાન અને ધ્યાનમાંથી સાભાર

**સંકલન : સ. સ. ભિક્ષુ**

### ઓમ્‌કાર અને ગાયત્રીમંત્રનું ગુહ્ય રહસ્ય

ઓમ્ (ॐ)ને ઈશ્વરવાચક કહ્યો છે. તસ્ય વાચકઃ પ્રણવઃ તે (ઈશ્વર)નું નામ ઓમ્ (ॐ) છે. એને શબ્દબ્રહ્મ પણ કહ્યો છે. સંસ્કૃતના તમામ મૂળાક્ષરો કે જેની સંખ્યા બાવન છે, તેની ઉત્પત્તિ ઓમ્‌માંથી થઈ છે. દુનિયાની કોઈપણ ભાષા કરતાં સંસ્કૃતનું મૂલ્ય ઊંચું આંકવામાં આવ્યું છે. એનું મુખ્ય કારણ એ છે કે, દુનિયાની બીજી બધી ભાષાઓથી જેની સમજ નથી આપી શકાતી તેની સમજ સંસ્કૃત ભાષાથી સારી રીતે આપી શકાય છે.

સંસ્કૃત ભાષાના બાવન અક્ષરોમાંથી અમુક ચોક્કસ અક્ષરોને જ્યારે વિશિષ્ટ રીતે ગોઠવીને બોલવામાં આવે છે ત્યારે, તેમાંથી અમુક ચોક્કસ પ્રકારનાં સ્પંદનો ઉત્પન્ન થાય છે અને એ મંત્ર બોલતી વખતે તેનો જે લય નક્કી થયો હોય એ લય (રિધમ)થી સહેજ પણ ફેરફાર કર્યા વગર અમુક ચોક્કસ સમય (અનુષ્ઠાન) સુધી બોલવાથી, એની સાધકના શરીર પર તથા આજુબાજુના વાતાવરણમાં જોરદાર અસર થાય છે અને એ રીતે વાતાવરણમાં પણ સાત્ત્વિક સ્પંદનો દ્વારા સાત્ત્વિકતા ફેલાવી શકાય છે.

અખંડ જપયજ્ઞ તથા હવન-યજ્ઞ આદિ ક્રિયાઓ કરવા પાછળનું મુખ્ય કારણ વાતાવરણમાં સાત્ત્વિકતાનો વધારો કરવાનું છે, પરંતુ, જો મંત્ર એકસરખો, એકલય કે

રિધમથી ના બોલાય તો તેના કારણે જે સાત્ત્વિક સ્પંદનો ઉત્પન્ન થાય છે કે એકસરખાં નથી હોતાં, પરંતુ તે તૂટક-તૂટક હોય છે તેથી તે ધારી અસર ઉપજાવી શકતાં નથી. અખંડ જપયજ્ઞથી વાતાવરણમાં ઉત્પન્ન થતાં આંદોલનો ઘણે દૂર સુધી સચોટ અને જોરદાર અસર ઉપજાવે છે. આ આંદોલનો કેટલાં શક્તિશાળી હોય છે તે સમજવા માટે એક ઉદાહરણ લઈએ.

લશ્કર જ્યારે પરેડ કરતું હોય અથવા કૂચ કરતું હોય ત્યારે લશ્કરના જવાનો એકતાલથી ચાલતા હોય છે. આમ, એકતાલથી ચાલવાથી એક ચોક્કસ પ્રકારનો અવાજ આપણે સાંભળી શકીએ છીએ. એ જ લશ્કરને જ્યારે કોઈ નદી ઉપરના પુલ ઉપરથી પસાર થવાનો પ્રસંગ આવે છે ત્યારે, તેનો કમાન્ડર હુકમ કરે છે કે, એક તાલ તોડીને સામાન્ય ચાલે ચાલી પુલ પસાર કરો. આમ કેમ? એક તાલથી ચાલતું લશ્કર જો પુલ ઉપર પણ તે જ રીતે ચાલે તો તેના કારણે જે સ્પંદનો વાતાવરણમાં ઉત્પન્ન થાય છે તેનાથી ક્યારેક ઘણા મજબૂત પુલ પણ તૂટી જવાની સંભાવના હોય છે. આ તો ભૌતિક સ્પંદનોની અસર કેટલી જોરદાર થાય છે તે સમજાવ્યું. તે જ રીતે કોઈપણ મંત્રને ચોક્કસ લયથી અખંડ રીતે જપવામાં આવે તો તેની કેવી અસર થાય તે સમજી શકાશે.

## મંત્રના પ્રકાર

અનેક જાતના મંત્રો પ્રચલિત છે. એના મુખ્ય ત્રણ વિભાગ પાડી શકાય. (૧) કામમંત્ર, (૨) કામ-કલ્યાણમંત્ર અને (૩) કલ્યાણમંત્ર. ગાયત્રીમંત્ર કામ-કલ્યાણમંત્ર છે. પ્રણવ (ઓમ્) મંત્ર કલ્યાણમંત્ર છે. એ સિવાયના બીજા તમામ મંત્રોને કામમંત્રો કહી શકાય. કામ કહેતાં કામના અને કામના એટલે ઈચ્છા. જે મંત્રના જાપ કે અનુષ્ઠાનથી માત્ર ઈચ્છિત સંકલ્પો જ સિદ્ધ થાય, પણ કલ્યાણ ન થાય તેને કામમંત્ર કહેવાય.

જેઓ શરીરભાવમાં જ રાચે છે, જેમનું તાદાત્મય પંચમહાભૂત સાથે જ છે એમની બુદ્ધિ પણ કેવી અને કેટલી હોય? ભૌતિક પ્રાપ્તિ તરફની જ હોય. આપણી બધી જ ઇચ્છાઓ, કામનાઓ આપણું કલ્યાણ જ કરશે એવું નથી હોતું. કેટલીક ઇચ્છાઓ એવી પણ થતી હોય છે કે જેનાથી આપણે આપણું જ અકલ્યાણ કરી બેસતા હોઈએ છીએ. વેપારીને ત્યાંથી ખરીદેલી વસ્તુથી આપણને નુકસાન થશે કે ફાયદો તેની સાથે વેપારીને કાંઈ નિસબત નથી હોતી, તેવી જ રીતે કામમંત્રથી કામનાઓની પૂર્તિ ભલે થાય, પણ તે કામનાપૂર્તિ સાધકને માટે કલ્યાણકારી છે કે અકલ્યાણકારી એની સાથે કામમંત્રને કાંઈ નિસબત હોતી નથી. ઇચ્છા પૂરી થવી એ એક વસ્તુ છે અને કલ્યાણ થવું તે બીજી વસ્તુ છે. મનુષ્યજન્મની સાર્થકતા કલ્યાણ પ્રાપ્ત કરવામાં છે, મોક્ષનાં દ્વાર ખોલવામાં છે. મોક્ષ માટે યોગશાસ્ત્રમાં 'કૈવલ્ય' શબ્દ પ્રયોજાયો છે.

ગાયત્રીમંત્ર એ કામ-કલ્યાણમંત્ર છે. તે ઇચ્છાઓની પૂર્તિ કરતો જાય અને સાથેસાથે કલ્યાણમાર્ગમાં પણ આગળ લેતો જાય. ગાયત્રીમંત્ર શ્રેષ્ઠ મંત્ર છે, કારણ કે, એનાથી ઇચ્છાપૂર્તિ અને કલ્યાણ એમ બંને કાર્ય થાય છે. મનુષ્યના મનમાં રહેલી ઇચ્છાઓની જ્યાં સુધી પૂર્તિ થતી નથી ત્યાં સુધી એ દુઃખી રહે છે અને ત્યાં સુધી તે કલ્યાણમંત્ર માટેનો અધિકારી નથી બની શકતો. જ્યાં સુધી અધિકારી નથી થયો ત્યાં સુધી એ પ્રણવ (ઓમ્) મંત્રને નથી જપી શકતો, કારણ કે, પ્રણવમંત્રના જાપથી ઇચ્છિત કામનાઓ પૂર્ણ થશે જ એવું કાંઈ નક્કી નહીં, પરંતુ એનાથી કલ્યાણ જરૂર થાય. આપણી અલ્યાણકારી કામનાને - જે કામનાથી આપણું અકલ્યાણ થતું હોય તેને પ્રણવમંત્ર પૂરી ન થવા દે. આ વાતને એક દૃષ્ટાંતથી સમજીએ.

પગારમાં વધારો કરવાની ઇચ્છાથી પ્રણવમંત્રના જપ કરતા હોઈએ તે દરમ્યાન, જો નોકરી છૂટી જાય તો બહુ દુઃખ થાય અને તેથી નાસ્તિક બની જઈએ. પરંતુ ભવિષ્યમાં ખબર પડે કે નોકરી છૂટી ગઈ હતી તે તો સારું થયું હતું. જે મકાનમાં આપણે નોકરી કરતા હતા તે મકાન તૂટી પડવાથી તેમાં કામ કરનારા બધા જ દટાઈને મરી ગયા હતા. જો આપણી નોકરી ચાલુ હોત, તો આપણે પણ દટાઈને મરી ગયા હોત. પ્રણવમંત્રના જપના કારણે જ નોકરી છૂટી ગઈ અને તેથી બચી ગયા. પરંતુ, જ્યારે નોકરી છૂટી ગઈ હતી ત્યારે આ રહસ્ય સમજાયું ન હતું.

નોકરી છૂટી જવાનું અણગમતું ફળ આપીને પ્રણવ-જાપે આપણું કલ્યાણ જ કર્યું.

કામમંત્રથી ભલે ઇચ્છાની પૂર્તિ થાય; પરંતુ, એ પૂર્તિથી સાધકનું અકલ્યાણ પણ થઈ શકે, એનાથી મોટું દુઃખ પણ આવી પડે. ગાયત્રીમંત્રથી પ્રણવમંત્રનો અધિકાર પ્રાપ્ત થાય. પ્રણવમંત્ર માટે અધિકારી થવું પડે. અધિકારીપણું એટલે એવી સમાધાનવૃત્તિ કે, **"જે કાંઈ પણ થઈ રહ્યું છે તે સારા માટે થઈ રહ્યું છે. પરમાત્મા જે કાંઈ કરે છે એ સારા માટે જ કરે છે." આવી માન્યતા જ્યારે થઈ જાય ત્યારે પ્રણવ (ઓમ્-ૐ) મંત્રના જપના અધિકારી થયા કહેવાઈએ.**

## ગુરુજાપ

ગુરુજાપને બે-ત્રણ રીતે સમજવાનો છે. (૧) એક તો શિવ, શિવ, શિવ અથવા કૃષ્ણ, કૃષ્ણ, કૃષ્ણ અથવા ગુરુ, ગુરુ, ગુરુ કે ઓમ્ ગુરુ ઓમ્, ગુરુ ઓમ્, ગુરુ ઓમ્‌ના જાપ કરીએ તો એ ગુરુજાપ થયો કહેવાય. (૨) બીજા પ્રકારના જાપમાં ગુરુ તરફથી જે મંત્રની પ્રાપ્તિ થાય અને તેનો જાપ કરવામાં આવે તેને પણ ગુરુજાપ કહેવાય. (૩) ત્રીજા પ્રકારના જાપમાં બે પ્રકારમાંથી એકેયનો સમાવેશ થતો નથી. નથી તો શિષ્ય પોતાની સૂઝ પ્રમાણે જાપ કરતો કે નથી એને કોઈ જાપ ગુરુ તરફથી પ્રાપ્ત થતો. એને તો સત્સંગમાં ગુરુનો જે ઉપદેશ સાંભળ્યો અને એમાંથી એ ઉપદેશનો પોતે પોતાના વર્તુળમાં સતત પ્રચાર કરતો રહે છે. તો આ રીતે સદ્‌ગુરુના ઉપદેશમાંથી કાંઈક ગ્રહણ કરી એનો પ્રચાર કરવો એ પણ 'ગુરુજાપ' કહેવાય છે.

આમ, ત્રણ પ્રકારના ગુરુજાપ છે. ગુરુજાપ એટલે લઘુજાપ નહીં. ગુરુજાપ એટલે ભારે જાપ, વજનદાર-મૂલ્યવાન જાપ. જે કરવાથી પરમતત્ત્વની કંઈક સમજ પ્રાપ્ત થાય એ ગુરુજાપ. જેમાં આત્મા અને પરમાત્માનું જ્ઞાન ઠસોઠસ ભરેલું હોય તે ગુરુજાપ.

## મંત્રજાપનું સૂક્ષ્મ વિજ્ઞાન

આપણા ઋષિમુનિઓએ, ગુરુજનોએ, સંતજનોએ અસીમ કૃપા કરીને જે મંત્રો, ધાર્મિક ક્રિયાઓ, સ્વાધ્યાયો આપણને આપ્યાં છે તે ખૂબ જ વિચારીને, ચિંતન-મનન કરીને આપ્યાં છે. તેમાં લોકકલ્યાણના ખૂબ જ સૂક્ષ્મ વૈજ્ઞાનિક સિદ્ધાંતોને આવરી લેવામાં આવ્યા છે. સામાન્ય જીવો અમૂલ્ય લાભથી વંચિત રહી ન જાય એ માટે વૈજ્ઞાનિક રહસ્યો અને સિદ્ધાંતોને ધાર્મિક વિધિમાં આવરી લીધાં છે. જેથી સામાન્ય જીવો પણ ધાર્મિક પ્રવૃત્તિમાં રસ લે અને તેના આચરણથી શારીરિક તથા માનસિક ઉન્નતિ સાધે.

દા.ત. વાચિક જાપ. કોઈપણ સાધક પ્રાણાયામની પદ્ધતિથી પૂરેપૂરો વાકેફ ના હોય અને પ્રાણાયામ કરવા માંડે તો પ્રાણાયામથી જે ફાયદો થવાનો હોય તે તો ના જ થાય, પરંતુ તેના બદલે યોગ્ય રીતે પ્રાણાયામ ન થવાને કારણે શરીરમાં વિકૃત્તિ ઉત્પન્ન કરી બેસે. પ્રાણાયામના અનેક લાભો છે, પરંતુ મનુષ્ય આપમેળે પ્રાણાયામ કરી શકતો નથી. વળી, પ્રાણાયામમાં પ્રખર ધીરજ તથા શ્રદ્ધાની જે જરૂર છે તે સર્વ કોઈ માટે સુલભ નથી. વળી, પ્રાણાયામના પ્રખર અભ્યાસી, પ્રાણાયામના પૂરેપૂરા જાણકાર શ્રદ્ધેયજનો મળવા પણ મુશ્કેલ છે, કે જેમની પાસે શાંતિથી બેસી, ખૂબ જ ધીરજ રાખીને પ્રાણાયામની ક્રિયાને બરાબર શીખીને તે પ્રમાણે પ્રાણાયામ કરી શકાય. આવા પ્રકારની અનેક મુશ્કેલીઓની વચ્ચે પણ વત્તાઓછા પ્રમાણમાં પ્રાણાયામનો લાભ વાચિક જાપથી અભયપણે મેળવી શકાય છે.

આપણા પૂજ્યજનોએ આપણા ઉપર કૃપા કરીને, અનંત કૃપા વરસાવીને આપણી સમક્ષ અમુક મંત્રો મૂક્યા. તે મંત્રોનો યોગ્ય રીતે વાચિક જાપ કરવાથી, યોગશાસ્ત્રમાં વર્ણિત બહિર્કુંભક આપોઆપ જ થાય છે. કોઈપણ વાચિક જાપ યોગ્ય રીતે થાય છે ત્યારે બહિર્કુંભક તથા ઉડ્ડયાનબંધ સંપૂર્ણપણે અનાયાસે જ થાય છે. જો મંત્રજાપના ઉચ્ચારો તથા લય યોગ્ય ન હોય તો તેથી તેટલો લાભ ઓછો મળે છે, પણ વાચિકજાપથી ઓછોવત્તો લાભ તો થાય જ, નુકસાન તો થતું જ નથી.

આમ, વાચિક મંત્રજાપથી પ્રાણાયામની તથા ઉડ્ડયાનબંધની પ્રાપ્તિ થાય છે. મૂલબંધ, જાલંધરબંધ અને ઉડ્ડયાનબંધ, આ ત્રણ બંધોમાં ઉડ્ડયાનબંધને મૃત્યુરૂપી

હાથીને હણનાર કેસરી-સિંહની ઉપમા આપી છે. 'મૃત્યુમાતંગ કેસરી', મૃત્યુ પણ દૂર ભાગે એવી તેનાથી શારીરિક શુદ્ધિ થાય છે તેમજ તંદુરસ્તી વધે છે. શારીરિક તંદુરસ્તી હોય તો જ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધી શકાય છે. આમ, વાચિક જાપથી અલ્પજ્ઞ પણ મૂળ લાભને પ્રાપ્ત કરી શકે છે. જે આપણી સમજશક્તિની બહારની વાત છે તેને આ રીતે અનાયાસે કરી શકીએ છીએ.

(ક્રમશઃ)

# ગુરુપૂર્ણિમા મહોત્સવ

**તા. ૩-૭-૨૦૧૨, મંગળવાર** **સંકલન : શશિકાન્ત પટેલ**

ગુરુપૂર્ણિમાપર્વની ઉજવણી પ્રેમ, શ્રદ્ધા, ભક્તિપૂર્વક આખા દેશમાં ઊજવાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ ગુરુપૂર્ણિમા પર્વ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. ગુરુપૂર્ણિમા પર્વ ગુરુશિષ્ય વચ્ચેનાં આધ્યાત્મિક, ભક્તિ, શ્રદ્ધા, પ્રેમને ઉજાગર કરતું પર્વ છે. આપણે જાણીએ છીએ કે ગુરુદેવનું પોતાના શિષ્યો ઉપર અનંત ઋણ ચડેલું હોય છે. કેમકે, ગુરુજનો પોતાના આધ્યાત્મિક આશ્રિત એવા પોતાના શિષ્યો-ભક્તોના કલ્યાણ માટે થઈને પોતે આધ્યાત્મિકતાના ઉન્નત શિખર ઉપરથી છેક તળેટીમાં ઊતરી આવે છે. આમ કરવામાં પોતે પોતાના સ્વાસ્થ્યની, નિજાનંદની પણ પરવા કરતા નથી. તેમના જીવનનું તો માત્ર એક જ લક્ષ્ય હોય છે કે, પોતાના શિષ્યોનું જેમ બને તેમ વધુ ને વધુ કલ્યાણ કરી તેમને જન્મ-મરણના ચકરાવામાંથી છોડાવવા. જોકે ગુરુજનો પોતાના શિષ્યો માટે જે કાંઈ કરે છે તેને ઋણ સમજતા નથી, કેમકે આ બધું તેઓ સહજભાવે કરે છે. તો, શિષ્યો પણ આજના આ મહામંગલકારી પર્વના દિવસે પોતે ગમે ત્યાં હોય ત્યાંથી શક્ય હોય ત્યાં સુધી પોતાના પરમ શ્રધ્ધેય એવા ગુરુદેવના સાંનિધ્યમાં પ્રત્યક્ષરૂપે અચૂક ઉપસ્થિત થઈ પોતાના પરમાત્માસ્વરૂપ ગુરુદેવનું પ્રેમથી, શ્રદ્ધા-ભક્તિપૂર્વક પૂજન-અર્ચન કરી પોતાની શક્તિ મુજબ ચરણોમાં ભેટ મૂકી પોતાને ગુરુદેવના ઋણમાંથી ઉઋણ થયાના ભાવ થકી હૃદયમાં સંતોષ માને છે. જોકે હકીકતમાં તો શિષ્ય અનંત જન્મો થકી પણ પોતાની ઉપર ચડેલા ગુરુદેવના ઋણમાંથી કદાપિ ઉઋણ થઈ શકતો નથી. આમ, આધ્યાત્મિક જગતમાં આ પર્વની ખૂબ જ આગવી મહત્તા છે. પ.પૂ.ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજના શિષ્યો-ભક્તો કે જેઓ ઓમ્‌પરિવાર તરીકે ઓળખાય છે તે સર્વે ભેગા મળીને આ પર્વને ખૂબ જ શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, આનંદ, ઉત્સાહપૂર્વક દર વર્ષે ધામધૂમથી ઊજવે છે. આ વર્ષે પણ તા.૩-૭-૨૦૧૨ ને મંગળવારે ગુરુપૂર્ણિમાનું પરમ્ મંગલકારી પર્વ હતું. આ દિવસે ઓમ્‌પરિવારે આ પર્વની ઉજવણી ખૂબ જ ઉમંગપૂર્વક કરી. આ આત્મોન્નતિદાયક પ્રસંગે પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીએ ઉપસ્થિત સર્વે શિષ્યો-ભક્તો ઉપર કૃપા કરી મનુષ્ય જીવનની સાર્થકતા કરવા માટેની સાચી સમજણરૂપી સત્‌ગંગા વહાવતાં જે આશીર્વચનની અમીવર્ષા કરી તેને નીચે મુજબ રજૂ કરવા નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજનાં આશીર્વચન :**

સત્યધર્મ ગુરુદેવની જય. સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને એમની જય, તો જ આપણી જય.

સર્વેનું સ્વાગત - વંદન - અભિનંદન - આશિષ.

પરમકૃપાળુ ઓમ્‌પરમાત્માની અહૈતુકી કૃપા આપણા સર્વે ઉપર અવિરત વરસી રહી છે, જેથી આજે આપણે સૌ ગુરુપૂર્ણિમા મહોત્સવ ઊજવી રહ્યા છીએ. આવા અવસરનો લાભ લેવો તે મહાભાગ્યની વાત છે. જો ભાગ્યમાં હોય તો ગમે ત્યાં હોઈએ ત્યાંથી લાભ લેવા ગમે તે સંજોગોમાં પણ ઉત્સાહભેર દોડી આવીએ. પરંતુ, ભાગ્યમાં ન હોય તો મહોત્સવની ઉજવણીના સ્થળની નજદીક હોઈએ તોપણ ઉપસ્થિત ન રહી શકીએ. ક્યારેક એવું પણ બનતું હોય છે કે, કેટલાક લોકો એવા પણ હોય છે કે, તેઓ આ સંસારની મોહમાયામાં ગળાડૂબ ડૂબેલા

હોય છે. તેવા લોકો ચોવીસે કલાક અને ત્રણસોપાંસઠ દિવસ પત્ની, છોકરાં, ગાડી, વાડી, બંગલા, ધન, દોલત, એશ-આરામમાં જ રચ્યાપચ્યા રહેતા હોય છે. આવા લોકોના મનમાં એક જ રટણ ચાલતું હોય છે કે, આમથી મોકો મળ્યો તો પડાવી લઉં કે તેમથી પડાવી લઈ બધું ભેગું કરી દઉં. આવા લોકો પાસે ગમે તેટલું ભેગું થાય, પણ તેમને સંતોષ હોતો નથી. આવા લોકોનાં વાણી, વિચાર, વર્તનમાં આધ્યાત્મિક મહોત્સવમાં ઉપસ્થિત રહી જીવનપાથેય એવી પરમકલ્યાણકારી સાચી સમજણની વાતોમાંથી કાંઈક ગ્રહણ કરી તેનું જીવનમાં આચરણ કરી મનુષ્ય જીવન સાર્થક કરવાની સહેજ પણ ભાવના હોતી નથી. તે તો માત્ર માયાના ચક્રવ્યૂહમાં જ લપેટાયેલો હોય છે. આવા લોકો જો આવા મહોત્સવમાં આવી જાય તો તે ફક્ત કોઈને સારું દેખાડવા અથવા શરમેભરમે આવી જતા હોય છે. આવ્યા પછી પણ કોની પાસેથી શું લાભ પડાવવો તેની જ વેતરણમાં હોય છે. મોટેભાગે તો આવું માનસ ધરાવતા લોકો કોઈને કોઈ બહાનું બતાવી ઉપસ્થિત રહેવાનું ટાળતા જ હોય છે અને પછી પાછા એવું કહેતા હોય છે કે, આવો લાભ લેવાનું મારા ભાગ્યમાં નહીં હોય. આના જેવો અક્કર્મી બીજો કોણ હોઈ શકે? અરે ભાઈ! જો તારા મનમાં આવા મહોત્સવમાં ઉપસ્થિત રહેવાની તાલાવેલી હોય, તે માટે થઈને મહોત્સવના દિવસની ચાતકની માફક રાહ જોઈને બેઠો હોય અને પછી કોઈ એવો સંજોગ આવી ચડે તેને કારણે ઉપસ્થિત ન રહી શકાય તો વાંધો નહીં. પરંતુ, તું તો પહેલેથી જ મનમાં ગાંઠ વાળીને બેઠો હોય કે મારે ગમે તે બહાને ઉપસ્થિત નથી જ રહેવું. આ બધી સત્સંગની વાતો મગજને ભ્રમિત કરનારી છે. તેનાથી કાંઈ જ લાભ થવાનો નથી. તો કહેવત છે ને કે, "પુરુષાર્થ વિના પ્રારબ્ધ પાંગળું". ભાઈ, તેં તો આવા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે કોઈપણ જાતનો શારીરિક, માનસિક પુરુષાર્થ જ કર્યો નથી. તો પછી, તારા ભાગ્યમાં આવી જીવનપાથેયરૂપ સૂક્ષ્મ રહસ્યોની વાતો સાંભળવાનું તારી પોતાની જ ઇચ્છાશક્તિના અભાવે નહીં હોય. તારા ભાગ્યમાં તો ચોર્યાસીના રેંટમાં રગડાવાનું જ લખ્યું છે. જ્યારે બીજા એવા હોય છે કે, જેઓ મહોત્સવનો દિવસ આવે તે અગાઉથી જ ઉપસ્થિત રહેવા થનગનતા હોય. તેઓના મનમાં એ જ રટણ ચાલતું હોય કે આવા મહોત્સવમાં ઉપસ્થિત રહી ત્યાં સત્સંગમાં સાંભળવા મળતી જીવનપાથેય એવી સાચી સમજણની સૂક્ષ્મ રહસ્યમય કલ્યાણકારી વાતો ક્યારે સાંભળું અને તેને વધુમાં વધુ જીવનમાં ઉતારી પોતાને અને પોતાને આશ્રિત એવા સહુને કલ્યાણપથમાં આગળ વધવાની પ્રેરણા આપું. આવા લોકોને તો જો કોઈ કારણ આવી જાય તો તેમાંથી પણ માર્ગ કાઢી ઉપસ્થિત રહેવાનું ચૂકતા નથી. તો આવા લોકો બડભાગી છે, ભાગ્યશાળી છે. આમ, કાર્યક્રમમાં તીવ્ર ઇચ્છાશક્તિથી ઉપસ્થિત રહેવું કે સંપૂર્ણ ઇચ્છાશક્તિના અભાવે ઉપસ્થિત ન રહેવું એવા લોકોના ભાગ્યમાં હોવું કે ન હોવું એને આ રીતે સમજવું જોઈએ. વળી પાછા, વ્યવસ્થાપકો શક્ય હોય તેટલા વધુમાં વધુ લોકોને કાર્યક્રમની ઉજવણીની જાણ કરતી પત્રિકા મોકલતા જ હોય છે. અહીં "કાર્યક્રમની જાણ કરતી પત્રિકા" એમ કહ્યું. આ કેમ કહ્યું? કેમકે, ઓમ્‌પરિવારના ઉપક્રમે જે કોઈ નાનામોટા કાર્યક્રમનું આપણા આયોજન થાય છે તે કોઈ વ્યક્તિગત થતું નથી, પરંતુ બધા જ કાર્યક્રમ સમગ્ર ઓમ્‌પરિવારનાં સૌ કોઈ ભેગાં મળીને ઊજવે છે. એટલે કે આવા કાર્યક્રમો કોઈ એકના નહીં, પરંતુ સર્વેના હોય છે. હવે એ સમજી શકાય એવી વાત છે કે, જ્યારે આપણો પોતાનો કાર્યક્રમ હોય તો તેનું આમંત્રણ આપણને હોય જ નહીં. તેથી તમારી સમક્ષ કાર્યક્રમની આમંત્રણપત્રિકા નહીં, પરંતુ જાણ કરતી પત્રિકા એમ કહ્યું. વળી, આપણો પોતાનો જ કાર્યક્રમ છે તેવો ભાવ રાખીને કાર્યક્રમમાં ઉપસ્થિત રહીએ, તો કાર્યક્રમનો સંપૂર્ણ સાત્ત્વિક આનંદ માણી શકીએ, લાભ લઈ શકીએ. આ વખતની ગુરુપૂર્ણિમાપર્વની ઉજવણીની જાણ કરતી પત્રિકા અતિઉપયોગી છે. તેને એકવાર નહીં, પરંતુ વારંવાર ધ્યાનપૂર્વક વાંચવાની જરૂર છે. તેમાં એક નાનકડો લેખ છે. તેમાં કઈ રીતે જીવન જીવવું જોઈએ તેનું સતત માર્ગદર્શન અપાયેલું છે. તે સિવાય પણ બીજા અગત્યના નાના લેખ આપવામાં આવ્યા છે. તો આ પત્રિકા સારી રીતે, શાંત ચિત્તે, ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો જીવનપાથેય એવી સાચી સમજણ ઘણી જ પ્રાપ્ત થઈ જાય. જોકે આપણું સઘળું સત્સાહિત્ય ખૂબ જ અગત્યનું છે. તેમાં

મનુષ્ય જીવનની સાર્થકતા માટેની કલ્યાણકારી સાચી સમજણની, સૂક્ષ્મ રહસ્યની વાતોને ખૂબ જ સરળ રીતે સમજાવવામાં આવી છે. તેને જો ધ્યાનપૂર્વક એકવાર નહીં, પરંતુ અનેકવાર વાંચી જીવનમાં ઉતારવામાં આવે તો પછી બીજું કાંઈ જ કરવાની જરૂર નથી. જીવનમાં સાચાં શાશ્વત સુખ-શાંતિ સહજ રીતે જ પામી શકાય. મનુષ્ય જીવનની સાર્થકતા થાય. જન્મ-મરણના ચક્રવ્યૂહમાંથી અચૂક છૂટી શકાય. આવો જ લાભ આપણા દરેક સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમમાંથી મળે છે. તે માટે કાર્યક્રમ શરૂ થાય ત્યાંથી પૂર્ણાહુતિ સુધી ઉપસ્થિત રહેવું જોઈએ, તો પૂરેપૂરો લાભ પામી શકાય. આજના જ કાર્યક્રમની વાત કરીએ તો કાર્યક્રમ વહેલો ચાલુ થાય છે. પરંતુ, અવસ્થાના કારણે તબિયત નરમગરમ રહેતી હોવાથી અમે થોડા મોડા આવ્યા અને પાછું બહુ બેસાય નહીં તેથી વહેલા પાછા જઈએ છીએ. આવું દરેક કાર્યક્રમમાં બનતું હોય છે. પરંતુ, તમે કાર્યક્રમનો પૂરેપૂરો લહાવો લો છો તે ખૂબ જ આનંદની વાત છે. અમે અહીં આવ્યા તે પહેલાં તમે સત્સંગ-સ્વાધ્યાય કર્યો. તો સત્સંગ-સ્વાધ્યાય કરવો એટલે શું કરવાનું છે તેનો ગૂઢાર્થ સમજવો ખૂબ જ જરૂરી છે. તો, સત્સંગ કરવો એટલે સત્‌નો સંગ કરવાનો છે, અસત્‌નો નહીં, એવો અર્થ થાય. સત્‌ એટલે તત્‌સત્‌ જે સતત રહે છે, તેના સતતપણામાં સહેજપણ ભંગ થતો નથી, તેનામાં સ્હેજપણ પરિવર્તન આવતું નથી, તે તો પોતાના મૂળસ્વરૂપમાં સતત રહે છે તે છે સત્‌. શ્રી શંકરાચાર્ય મહારાજે તથા ગુરુસંતોએ આ તત્ત્વને બ્રહ્મ કહ્યું છે. આ બ્રહ્મતત્ત્વ એટલે જ અજર-અમર, નિર્ગુણ, નિરાકાર આદિઅનાદિ કાળથી સતત આ સમગ્ર બ્રહ્માંડના અણુઅણુમાં વ્યાપ્ત છે એવું ચૈતન્ય. તેને બરાબર સમજવાનો પ્રયત્ન કરવાનો છે. આ શક્તિ સ્થૂળ નથી કે તેને જોઈ શકાય કે પકડી શકાય. તે તો સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. તેથી તેને અનુભવવાની છે. તો તેને શેનાથી અનુભવી શકાય? આપણી બુદ્ધિથી-પ્રજ્ઞાથી તેને અનુભવી શકાય? આમ થાય તો સાચો સત્સંગ કર્યો કહેવાય. એનો અર્થ એમ નથી કરવાનો કે, અત્યારે જે કાંઈ કરીએ છીએ તે ખોટું છે. પરંતુ, આ બધું કરીને ધીરેધીરે એવા સક્ષમ થવાનું છે કે એ ચૈતન્યશક્તિને અનુભવી શકાય. સ્વાધ્યાય કરવાનો એટલે શું કરવાનું? સ્વાધ્યાય કરવાનો એટલે સ્વનો પોતાનો અધ્યાય કરવાનો. બીજા શાસ્ત્રોનું અધ્યયન કરીએ તે ગૌણ છે. પરંતુ, સ્વનો - પોતાનો અધ્યાય કરવો તે મુખ્ય છે. કેમકે, શાસ્ત્રોનો અધ્યાય કર્યા પછી અંતે તો સ્વનો જ અધ્યાય કરવાનો હોય છે. હું કોણ છું, ક્યાંથી આવ્યો છું; ક્યાં જવાનો છું. અરે! જવું નહીં હોય તોપણ સમય આવે અંતે તો જવું જ પડશે. તો, આ પંચભૂતથી બનેલું શરીર તથા દૃશ્યઅદૃશ્ય જગત તે તો પ્રકૃતિનું સ્વરૂપ છે. પ્રકૃતિ કેવી છે? પરિવર્તનશીલ છે, નાશવંત છે. તે ક્યારેય એક જ સ્થિતિમાં, સ્વરૂપમાં રહેતી નથી. તેનામાં સતત બદલાવ આવ્યા જ કરે છે. આ પંચમહાભૂતનું શરીર પણ પરિવર્તનશીલ છે -નાશવંત છે. જન્મ, જુવાની, બુઢાપો અને મૃત્યુ તે તેની અવસ્થાઓ છે. તો, એક જ સ્વરૂપમાં સદા-સર્વદા સુસ્થિર રહે છે તે કયું તત્ત્વ છે? તે આત્મતત્ત્વ છે. તો આ આત્મતત્ત્વનો અભ્યાસ કરવાનો છે. તે જ સર્વશાસ્ત્રનો નિચોડ છે. આવી સૂક્ષ્મ રહસ્યની વાતો અમે વર્ષોથી તમને સૌને સમજાવી રહ્યા છીએ. તમો સૌ આ વાતોને પ્રેમથી સાંભળો છો. તો તેને યથાયોગ્ય જીવનમાં ઉતારીશું તો કલ્યાણપદને પામી શકીશું, નહીંતર ઠેરના ઠેર રહી જઈશું. આ બધું તમને સતત સમજાવવા પાછળ એક જ પરિબળ કામ કરી રહ્યું છે : તે છે તમારો અમારા પ્રત્યેનો પ્રેમ. એ પ્રેમને કારણે જ અમે તમને કલ્યાણપથમાં આગળ વધવા માટે અનેક યુક્તિ-પ્રયુક્તિ દ્વારા આ બધી વાતો સતત સમજાવી રહ્યા છીએ. અવસ્થાને કારણે અમારી તબિયત નરમગરમ રહેતી હોવા છતાં પણ અમારી તકલીફોને નજરઅંદાજ કરીને તમને મુક્તિમાર્ગમાં ખેંચવાનો સતત પ્રયત્ન કરી રહ્યા છીએ. આજે ગુરુપૂર્ણિમા હોવાથી ગઈકાલે આખો દિવસ અને આજ સવારથી બહારગામથી તથા વિદેશથી સતત ફોન આવી રહ્યા છે. તેમની સાથે બોલવાનું સતત ચાલુ જ છે. ફોન કરનારા ફોનમાં એમ કહેતા હોય છે કે, ગુરુજી, તમારી તબિયતના કારણે બોલવાથી તકલીફ પડતી હશે. આમ કહે છે તો ખરા, પણ ફોન ઉપર ટૂંકાણમાં વાત પતાવવાના બદલે લાંબીલાંબી વાતો કરે અને વળી પાછા પોતે એકલા જ વાત કરે એમ નહીં, પરંતુ પોતાના કુટુંબના જેટલા પણ સભ્યો હોય તે બધાની જોડે વાત કરાવે. આથી અમારું નિત્યકાર્ય ખોરંભે

પડે, બોલવાથી તકલીફ પણ પડે, પણ અમે તેને અવગણીને સૌની સાથે, સૌને સંતોષ થાય ત્યાં સુધી વાતો કરતા હોઈએ છીએ. તેનું કારણ સૌનો અમારી ઉપરનો પ્રેમ છે. એ પ્રેમનું ખેંચાણ એવું તો છે કે, અમે એક અઠવાડિયા પહેલાં આવી શારીરિક સ્થિતિમાં પણ છેક મુંબઈ જઈ અમેરિકાના વિઝા લઈ આવ્યા. આમ તો અમે મહિનાઓ સુધી ઘરના ઝાંપા બહાર પણ નીકળતા નથી. પરંતુ, ભકતોના અમારા પ્રત્યેના પ્રેમભાવને ખાતર, સૌના આનંદ ખાતર ગયા. અમેરિકામાંના ભક્તોની તીવ્ર ઇચ્છા છે કે ગુરુજી વિઝા રિન્યુ કરાવે અને એકવાર અમેરિકા પધારે. અમેરિકામાં ગુરુજીને સહેજ પણ તકલીફ પડવા નહીં દઈએ. આ માટે અમેરિકાથી જુદાજુદા ભક્તોના ફોન આવતા જ હોય છે. આમ, સૌની ઇચ્છા હતી તેથી તેમના સંતોષ ખાતર કરેડીયા કરીને મુંબઈ જઈ વિઝા લઈ આવ્યા. હવે અમેરિકા જવાય ત્યારે ખરું. આ બધું તમારા સૌના પ્રેમને ખાતર કર્યું. પ્રેમની શક્તિ એવી છે કે તેની આગળ બીજું બધું ગૌણ લાગે. પ્રેમની મહત્તા સમજાવતાં સંતોએ કહ્યું છે કે,

*"પોથી પઢ પઢ જગ મુવા, પંડિત ભયા ન કોઈ;*
*અઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોય."*

ગમે તેટલાં શાસ્ત્રોનો અભ્યાસ કરીએ ત્યારબાદ પણ સાચા જ્ઞાની થઈ શકતા નથી. સાચો જ્ઞાની તો તે છે કે જેણે, ભલે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો ન હોય, પરંતુ તેણે સાચા અર્થમાં, સ્વરૂપમાં પ્રેમને જાણ્યો છે, અપનાવ્યો છે. આવા જનો માત્ર જ્ઞાની નહીં, પરંતુ મહાજ્ઞાની છે.

*"પ્રેમ ન વાડી ઉપજૈ, પ્રેમ ન હાટ બીકાય;*
*રાજા-પરજા જોઈ રુચૈ, શીશ દેઈ લઈ જાય."*

પ્રેમ ખેતર કે વાડીમાં ઊગતો નથી કે બજારમાં વેચાતો નથી. એ તો હૃદયમાં ઉદ્ભવે છે. ચાહે અમીર હોય કે ગરીબ, સૌ કોઈ જીવનમાં પ્રેમને અપનાવી શકે છે, પ્રેમમય જીવન જીવી શકે છે. પરંતુ, એ ત્યારે જીવનમાં અપનાવી શકાય કે જ્યારે આપણે અહંકાર મુક્ત થઈએ. કહેવત છે કે, એક મ્યાનમાં બે તલવાર રહી ના શકે. તેમ મનુષ્યના હૃદયમાં અહંકાર ને પ્રેમ સાથે રહી શકે નહીં. માટે જ સાચા પ્રેમમય જીવનને પામવું હોય તો હૃદયમાંથી અહંકારને દૂર કરવો જ પડે. તો જ જીવનમાં સાચાં સુખ-શાંતિ, સંતોષ પમાય. નહીંતર, પાસે હોય તોપણ અજ્ઞાનતાને કારણે તેને પામી શકતા નથી.

હમણાં એક ભજન ગાયું. આખું ભજન જ ખૂબ સુંદર-સમજવા લાયક છે. તેમાં લીટીઓ આવી કે –

*"મળ્યું ધન તોયે વાપરી ન જાણ્યું, કહું કરમની કહાણી હે...જી;*

*ક્યાં તો ભાગ્ય બીજાનું ભળિયું, કાંતો ખોટી કમાણી મારા સંતો– જૂના ધરમ લ્યો જાણી હે...જી..."*

શું કહ્યું છે? તને ધન તો ઘણું જ મળ્યું છે, તારી કલ્પના બહારનું મળ્યું છે, પણ તે ધનને તું સન્માર્ગે વાપરી શક્યો નથી. ધનને તે તિજોરીમાં ભેગું જ કર્યે રાખ્યું છે. આનું કારણ એ હોઈ શકે કે, તે ધન તારા પોતાના ભાગ્યને કારણે મળ્યું ન હોય, પરંતુ તારી સાથે રહેનાર તારા પરિવારજનમાંથી કોઈના ભાગ્યના કારણે તે તને પ્રાપ્ત થયું હોય, અથવા તને જે ધન પ્રાપ્ત થયું છે તેને તે ખોટા રસ્તે પ્રાપ્ત કર્યું હોય. પરિણામે તેનો સદુપયોગ તું કરી શક્યો નહીં હોય. આમ તને પ્રાપ્ત થયેલ ધનનો સદુપયોગ કરવાનું તારા ભાગ્યમાં જ નથી. આ વાતને બીજી રીતે પણ સમજી શકાય કે, તારાં જીવનમાં જે સુખ-શાંતિ આવ્યાં, છે તે સુખશાંતિ તારાં કર્મોના ફળસ્વરૂપ નથી આવ્યાં, પરંતુ તારા પરિવારજનોના સત્કર્મોના ફળસ્વરૂપ આવ્યાં છે અથવા તો તે સુખ-શાંતિ તને બીજાનાં સુખ-શાંતિના ભોગે મળ્યા છે તેથી તું તેને પામી શકતો નથી - અનુભવી શકતો નથી.

તો, આજના આ પરમપાવન દિવસે સાચી સમજણની ખૂબ વાતો થઈ. પરમાત્માને ફરીફરી પ્રાર્થના કરીએ છીએ કે, સૌ આ વાતો વધુ ને વધુ સમજણપૂર્વક જીવનમાં ઉતારી વધુ ને વધુ સુખ-શાંતિ પામો, અનુભવો. મનુષ્યજન્મની સાર્થકતા માટે વધુ ને વધુ ઉમદા, સાત્ત્વિક જીવન જીવો અને બીજાને પણ તે માટે પ્રેરો.

સત્ય-ધર્મ-ગુરુદેવની જય.

સત્ય અને ધર્મ એ જ આપણા ગુરુદેવ અને તેમની જય તો જ આપણી જય.

ફરી ફરી સર્વેને જય નારાયણ, જય ઓમ્ ગુરુદેવ.

# શ્રી ગુરુદેવ સત્ય છે...

(લેખાંક-૨)

**આલેખન : પ્રવીણભાઈ શાહ**

ભગવાન શ્રી કૃષ્ણે ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે–

**અહમ્ વૈશ્વાનરો ભૂત્વા પ્રણીનાં સમાશ્રયેત ।**
**પ્રાણાપાનસમાયુક્તઃ પચામ્યન્નમ્ ચતુર્વિધમ્ ॥**

હું અગ્નિરૂપે પ્રાણીઓના દેહમાં રહીને પ્રાણ તથા અપાન વાયુયુક્ત થઈને ચાર પ્રકારનું અન્ન પચાવું છું.

ભગવાન આપણી અંદર જ વસે છે. વૈશ્વાનર અગ્નિસ્વરૂપે તે આપણી અંદર જ રહેલા છે.

ગાયત્રીમંત્ર, ઓમ્‌ગુરુ ઓમ્ મંત્ર, ઓમ્ નમઃ શિવાય મંત્ર, સંકટમોચન હનુમાનજીનો મંત્ર વગેરે મંત્રોનું સતત રટણ નિયમિત રીતે વધારે ને વધારે સમય માટે આપણે કરીએ એટલે એ મંત્રનો ભાવ આપણા મનમાં રમ્યા કરે. ગુરુજી આપણને કહે છે ને કે, કોઈ પણ કર્મકાંડ કરીએ તે ભાવપૂર્વક કરીએ તો તેનું સારું ફળ આપણને મળે છે. ''ભાવના વિનાનો કર્મકાંડ વાંઝિયો છે.''

હમણાં થોડા સમય પહેલા વીરેનભાઈ જોશીને ત્યાં ગાયત્રીમંત્ર મારુતિ હવનનો કાર્યક્રમ હતો. મારુતિ મંત્રથી આહુતિ આપવાની શરૂ કરતાં પહેલાં શ્રી ગુરુદેવે કહ્યું કે, આપણે હવે હનુમાનજીનું આહ્વાન કરીશું. તમારો કાર્યક્રમ ચાલતો હતો અને અમે અહીં આવ્યા ત્યારે, સ્વયંસેવક ભાઈઓ અમને લેવા માટે સામે આવ્યા, અમને દોરીને સભામંડપમાં લઈ ચાલ્યા અને અમારું જ્યાં સ્થાન હતું ત્યાં સુધી અમને લઈ ગયા. એવી જ રીતે હવે આપણે હનુમાનજીને બોલાવીશું. આમંત્રણ આપીશું, અમે શ્લોક બોલીશું. તમારે બધાંયે ફક્ત 'સ્વાગતમ્-સ્વાગતમ્' એ રીતે મોટેથી બોલવાનું. તો આ રીતે આપણે ભાવના કરીને હનુમાનજીને આપણા ઘરે પધરામણી કરાવી તેમના સ્થાન પર બિરાજમાન કરાવીશું અને હવે જ્યારે આપણે મારુતિ મંત્રથી આહુતિ આપીશું ત્યારે તેઓ અહીં હાજર જ છે તેવો ભાવ આપણે મનમાં રાખવાનો.

॥કૌન સા સંકટ મોર ગરીબ કો જો તુમ સો નહી જાત હે ટારો..
વેગી હરો હનુમાન મહાપ્રભુ જો કછુ સંકટ હોય હમારો... ઓમ્ સ્વાહા॥

ભગવાનનાં દર્શન કરવા માટે મંદિરમાં ભક્તોની ભીડ જામતી હોય છે. મંદિરમાં ઠાકોરજીને બિરાજવાનો કક્ષ હોય, ભક્તોને દર્શન કરવા માટે બેસવાનો વિશાળ ચોક હોય એ બેની વચ્ચે એક પડદો હોય છે. ચોકમાં બેઠેલા ભક્તો આતુરતાપૂર્વક ભગવાનનાં દર્શન થવાની રાહ જોતા બેઠેલા હોય છે. ભક્તો કીર્તન કરે, ભગવાનની સ્તુતિ કરે - ગીતો ગાય અને ભગવાનનાં દર્શનની આતુરતાપૂર્વક રાહ જુએ.

દર્શનનો સમય થતાં પૂજારીજી, મુખિયાજી પેલો પડદો હટાવે અને ભગવાનનાં દર્શન થાય. ભક્તો બધા ઠાકોરજીનો જયજયકાર બોલાવે.

ભગવાન અને ભક્ત વચ્ચેનો પેલો પડદો એટલે માયાનું આવરણ છે. પેલા પૂજારીજી મુખિયાજી એ સદ્‌ગુરુ છે અને શ્રી સદ્‌ગુરુ એ પડદો હટાવીને ભક્તોને ઠાકોરજીની ઝાંખી કરાવે છે- દર્શન કરાવે છે - સાક્ષાત્કાર કરાવે છે.

**''બલિહારી ગુરુદેવ કી, ગોવિંદ દિયો બતાઈ''**

ઉમરેઠમાં શ્રી શાંતિપ્રસાદ પંડ્યા, જ્યોતિષચંદ્ર પંડ્યાનું કુટુંબ ખૂબ જ ગુરુપ્રેમી, ગાયત્રીમંત્રમાં રુચિ વધારે રાખે. અવારનવાર કુટુંબમાં કંઈક માંગલિક પ્રસંગ હોય તો તે નિમિત્તે ગાયત્રીમંત્રના અખંડજાપ રાખે અને ઓમ્‌પરિવારને જાપ કરવા માટે આમંત્રણ આપે.

એક દિવસ શ્રી ગુરુદેવે સ્વાધ્યાયમાં બેઠેલા સૌને કહ્યું કે, ઉમરેઠમાં શ્રી નરેશભાઈના બે દીકરાઓની બાબરી ઉતરાવવાની છે અને તે નિમિત્તે ચોવીસ કલાકના ગાયત્રીમંત્રના અખંડ જાપનો કાર્યક્રમ રાખ્યો છે. સૌને આમંત્રણ છે. અમો આગલા દિવસે ત્યાં જવાના છીએ. તમારે જેને આવવાની ઇચ્છા હોય તે જરૂરથી આવે. એ લોકોનો ઘણો આગ્રહ છે.

બંને બાળકોની બાબરીનો પ્રસંગ આજથી લગભગ ૧૫ વર્ષ પહેલાં ફાગણ મહિનામાં હોળી પહેલાંના દિવસોમાં હતો. શિવરાત્રીનો કાર્યક્રમ હમણાં જ ઉમરેઠમાં

થયો હતો. એ પહેલાં તુષારભાઈને ત્યાં સવારનો પ્રભાતફેરીનો કાર્યક્રમ ૩ દિવસ માટે થયો હતો. એ બંને કાર્યક્રમમાં હું ઉમરેઠ જઈ આવેલો હતો. બહુ ટૂંકા ગાળામાં ત્રીજી વખત ઉમરેઠ જવાનો પ્રસંગ બને એટલે ઉમરેઠ ગાયત્રીમંત્રના જાપમાં જવું કે નહીં તે નક્કી ન હતું.

રાત્રે સ્વપ્ન આવ્યું. હું ચાલતો ચાલતો જતો હતો. વિશાળ જગ્યા હતી, ખુલ્લાં ખેતરો હતાં, ખેતરો ખેડેલાં હતાં પણ વાવણી કરેલી ન હતી. માટીમાં પગ ખૂંપી જતા હતાં એટલે હું બહુ ધીમાં ધીમાં ડગલાં ભરતો હતો. ચારેય બાજુ સૂમસાન વાતાવરણ હતું ત્યાં પાછળથી કોઈકનો અવાજ આવ્યો. પ્રવીણભાઈ! ક્યાં જાઓ છો? હું ચમક્યો! અવાજ ખૂબ જ પરિચિત હતો. મેં કહ્યું કે, કાલોલ જાઉં છું. ગુરુજી! પાછળ નજર કરી તો એક આધેડ વયના ભાઈ મારી નજીક ધીમેધીમે ચાલતા હતા. માદરપાટનું જાડું પંચિયું (ધોતિયું) અને એવું જ જાડું ખમીશ પહેરેલું હતું. માથે ફાળિયું બાંધેલું હતું. આંખે કાળી ફ્રેમના જાડા કાચના ચશ્મા. એક બાજુની ફ્રેમ તૂટી ગયેલી હતી એટલે દોરી બાંધીને કાનમાં પરોવી હતી. માથે કાળા રંગના હાંડલામાં ભાથું બાંધેલું હતું. બે હાથે પકડીને ચાલતા હતા. તેમણે કહ્યું કે, "વળતાં ઉમરેઠ જજો" એટલું બોલીને તેઓ ધીમે ધીમે બીજી બાજુ જવા લાગ્યા. તેઓ થોડી વારમા દેખાતા બંધ થયા. (તેઓ શ્રી ગુરુદેવ યોગભિક્ષુજી હતા!)

સવારે ઑફિસ જવાનું હતું એટલે તૈયાર થઈને નીકળ્યો. નવીનભાઈ મહારાજનું ઘર નજીકમાં જ હતું, એટલે તેઓ આવવાના છે કે નહીં તે પૂછવા ગયો. તેઓ નહાવા બેઠા હતા મેં કહ્યું કે. આવતી કાલે સવારે ઉમરેઠ જવાનો છું, તમો આવવાના છો? એમણે ના પાડી. એમણે કહ્યું કે, બાબરીનો પ્રસંગ આમ તો એમનો ઘરનો પ્રસંગ છે, એટલે જવું જ જોઈએ એવું જરૂરી નથી. હું તો જવાનો નથી. મારે એક યજમાનનું કામ પણ પતાવવાનું છે. બાપુએ બધાને આવવાનું કહ્યું છે તો તમે બીજા કોઈને પૂછી જુઓ. નોકરીનો સમય થતો હતો એટલે સર્વિસ પર પહોંચી ગયો. સાંજે ઓમ્‌પરિવારના બે ભાઈઓને પૂછી જોયું. એ લોકો કોઈ આવવાના ન હતા. એટલે અમદાવાદથી ઉમરેઠ હું એકલો જ હતો.

રાત્રે સ્વપ્ન આવ્યું. હું અને મારાં પત્ની બજારમાં ખરીદી કરવાં ગયાં હતા. માણેકચોક-પાનકોરનાકાથી પરચૂરણ વસ્તુઓ ખરીદવાની હતી એટલે સ્કૂટર ત્રણ દરવાજા, પાનકોર નાકા આગળ પાર્કિંગમાં મૂકીને ચાલતાં ચાલતાં નીકળ્યાં. થોડેક દૂર ગયાં હોઈશું ત્યાં બૂમો પડી : દોડો દોડો, ભાગો ભાગો. ત્રણ દરવાજા બાજુથી માણસો દોડતા દોડતા આવી રહ્યા હતા. સ્કૂટરો-સાઇકલો અને વાહનોવાળા પણ ભાગતા હતા. શહેરમાં તોફાનો ફાટી નીકળ્યાં હતાં. હું અને મારાં પત્ની સ્કૂટર મૂક્યું હતું ત્યાં પાછાં આવ્યાં. સ્કૂટર બહાર કાઢીને ચાલુ કરવાનો પ્રયત્ન કર્યો પણ ચાલુ થયું નહીં. મનમાં ગભરાટ-ઉચાટ થવા લાગ્યો. માણસોનાં ટોળાં દોડતાં હતાં. એકબીજાને અથડાતાં ભાગતાં હતાં. મેં મારી પત્નીને કહ્યુંઃ સહેજ ધક્કો મારો, ઘણીબધી કીકો મારી, માંડમાંડ ચાલુ થયું. પરસેવો પરસેવો થઈ ગયો. મારાં પત્નીને બેસાડીને ધીમે ધીમે ટોળામાંથી દોડી રહેલા માણસો-સાઈકલો સ્કૂટરો સાથે અથડાતાં-છતાં સ્કૂટર એક સાંકડી પોળમાં લઈ લીધું. પાનકોરનાકા-ત્રણ દરવાજા બાજુથી બૂમો અને ચીસો પાડતા ટોળાના અવાજો નજીક આવવા લાગ્યા. ખૂબ ગભરાટ થવા લાગ્યો. જલદી પોળની બહાર નીકળીને મેઇન રોડ પર આવી જવાય તો સારું, પણ... પોળના બીજા છેડે આવ્યો તો ત્યાં પગથિયાં હતાં. માણસો બધા દોડતા હતા. મેં પણ મારા પત્નીને નીચે ઉતારીને સ્કૂટર નીચે લેવાનો પ્રયત્ન કર્યો અને ધડામ દઈને પડ્યો. આંખ ખૂલી ગઈ! શરીરે ખૂબ જ પરસેવો થયો હતો. ઊઠીને ઘડિયાળમાં જોયું તો સવારના પોણા પાંચ વાગ્યા હતા. મારાં પત્નીને જગાડીને કહ્યું કે, ઉમરેઠ જવું છે. ચા મૂકીને નહાવા માટે ગરમ પાણી મૂકી દો. તૈયાર થઈને સવારે લગભગ ૬.૪૫ વાગ્યે નીકળ્યો. ડાકોરની બસ મળી. ડાકોર થઈને ઉમરેઠ લગભગ ૯.૪૫ વાગ્યે પહોંચ્યો. ગાયત્રીમંત્રના અખંડ જાપ ચાલુ હતા. કુટુંબનાં ૭-૮ માણસો બેઠેલાં હતાં. શ્રી ગુરુદેવ પાટ ઉપર બિરાજમાન હતા. દર્શન કર્યા, ચરણોમાં થોડાંક છૂટાં ફૂલ મૂક્યાં ને જપમાં બેસી ગયો. ૧૨.૦૦ વાગ્યે જપની પૂર્ણાહુતિ થઈ. ખૂબ જ હા...શ...! આનંદ થયો!

જ્યોતિષભાઈ સાથે બેસીને પ્રસાદ લીધો-જમ્યો. સાંજે ૪.૦૦ વાગ્યે શ્રી ગુરુદેવની રજા લઈ અમદાવાદ આવવા નીકળી ગયો.

તા. ૧૪-૨-૧૯૮૭ના રોજ કુટુંબની એક દીકરીના લગ્નમાં ડાકોર જવાનું થયું હતું. છોકરાછોકરીએ સાદાઈથી લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. બંને પક્ષનાં ૪૦-૪૦ માણસો ડાકોરમાં ભેગાં મળી અને સાદાઈથી લગ્ન થાય એવી ગોઠવણ રાખી હતી. લગ્નની વિધિ થાય અને વરપક્ષના માણસો જમે ત્યાં સુધી મંદિરે દર્શન કરવા ગયો. દર્શન કરીને બજારમાં સામે વિનોદભાઈની દુકાન હતી ત્યાં વિનોદભાઈને મળવા ગયો. તેમણે કહ્યું : શ્રી ગુરુદેવ ઠાસરાથી આપણે ત્યાં પધારવાના છે. ટાઈમ હોય તો શ્રી ગુરુદેવનાં દર્શન કરતા જાઓ! રોહિતભાઈ ઘરે જ છે.

શ્રી રોહિતભાઈનું ઘર મંદિરથી નજીક જ હતું. એટલે ત્યાં ગયો. પહેલી જ વખતે જતો હતો. નીચે ઓરડામાં મોટી મોટી કથરોટમાં ખમણ બનાવવાનો લોટ પાથરેલો હતો. શ્રી રોહિતભાઈ હાથમાં મસાલા લઈને કંઈક બોલતા હતા અને કથરોટમાં મસાલા ભભરાવતા હતા. એક કારીગર લાંબા તવેથા વડે હલાવતો હતો. એ લોકોના કામમાં ખલેલ ન પડે એટલા માટે બહાર એકાદ મિનિટ ઊભો રહ્યો. એવામાં શ્રી રોહિતભાઈનું ધ્યાન મારા તરફ ગયું. "આવો પ્રભુ!" એમ કહીને તેઓ મને અંદર લઈ ગયા. તમે બહુ મોકાસર આવી ગયા! શ્રી ગુરુદેવ પધારવાની તૈયારીમાં જ છે. કારીગરને જરૂરી સૂચનાઓ આપીને તેઓ મને મેડા ઉપર લઈ ગયા. મેડા ઉપર તેમનાં સાત-આઠ કુટુંબીજનો હાથમાં ફૂલહાર તથા છૂટાં ફૂલ લઈને શ્રી ગુરુદેવના આગમનની રાહ જોતાં હતાં.

શ્રી રોહિતભાઈએ થોડીક વાતો કરી. પ્રવીણભાઈ! અમારા આખા કુટુંબ ઉપર શ્રી ગુરુદેવની ખૂબ જ કૃપા છે. ઉત્તરોત્તર પ્રગતિ થતી જ રહી છે અને ન ધારેલાં કામ પાર પડી જાય છે. ડાકોરમાં તો લોકો વાતો કરે છે કે સફેદ વસ્ત્રો ધારણ કરેલા અને સફેદ દાઢીવાળા પેલા સંત (શ્રી યોગભિક્ષુજી)નો જ આ પ્રભાવ છે! થોડીવારે શ્રી ગુરુદેવ આસન ઉપર બિરાજ્યા. સૌ કુટુંબીજનો દર્શન કરવા, ચરણસ્પર્શ કરવા લાઇનમાં ઊભા હતા. હું પણ તેઓ સૌની સાથે લાઈનમાં ઊભો રહ્યો. શ્રી રોહિતભાઈએ મારા હાથમાં થોડાંક છૂટાં ફૂલો આપ્યાં. મારો વારો આવતાં શ્રી ગુરુદેવે પૂછ્યું : તમે અહીં ક્યાંથી? મેં કહ્યું : એક લગ્નમાં અહીં આવ્યો હતો, વચ્ચે થોડો સમય મળતાં મંદિરે દર્શન કરવા ગયો હતો. દુકાન પરથી વિનોદભાઈએ કહ્યું કે, શ્રી ગુરુદેવ પધારવાના છે. ટાઈમ હોય તો દર્શન કરવા જજો. શ્રી ગુરુદેવે કહ્યું : સરસ! છૂટાં ફૂલ શ્રી ગુરુદેવના ચરણોમાં મૂકીને હું પગે લાગ્યો. શ્રી ગુરુદેવે મારા ખભે હાથ મૂક્યો અને શાબાશી આપતા હોય તેમ ધબ્બો માર્યો!

લાગ્યા સદ્ગોરાંકા પંજા.. પરમ આનંદ થયો. અસ્તુ.

(ક્રમશઃ)

# સંપ ત્યાં જંપ, કુસંપ ત્યાં સદાય ધરતીકંપ

સંકલન : હર્ષદભાઈ કસ્તૂરચંદ ઝીંઝુવાડિયા

ગુજરાતીમાં 'સંપ ત્યાં જંપ' કહેવત વર્ષોથી પ્રચલિત છે. માનવજીવનમાં દરેક પ્રકારની અખંડ શાંતિ માટે આ કહેવતને ચરિતાર્થ કરવી અત્યંત આવશ્યક છે. સતયુગના જમાનામાં કુટુંબ-પરિવારના સભ્યો વચ્ચે પરસ્પર જે સ્નેહ, લાગણી, વિવેક, મર્યાદા, સંયમ, શિસ્ત, સમાધાન, ત્યાગ, દયા વગેરે દિવ્ય સદ્ગુણોની પ્રત્યક્ષ હાજરીને કારણે પરિવારમાં અખંડ સંપ જળવાતો હતો. આવી સંપની ભાવનાથી સાથે રહેતા કુટુંબના સભ્યોમાં અખંડ જંપ એટલે કે અખંડ શાંતિ રહેતી હતી. આ અખંડ શાંતિ, શારીરિક, માનસિક, આર્થિક, વ્યવહારિક, આધ્યાત્મિક વગેરે દરેક પ્રકારની રહેતી, તેથી જ કહેવત પડી છે કે 'સંપ ત્યાં જંપ'.

આજના કળિયુગમાં મોબાઈલ, ટીવી, વિડિયો, ઈન્ટરનેટ, કોમ્પ્યૂટર જેવા આધુનિક સાધનોના સુનામી

વાવાઝોડા જેવા આક્રમણ સામે ઝઝૂમતા માનવ જીવનમાં કોઈપણ પ્રકારની શાંતિ પ્રાપ્ત થવી તે અત્યંત દુષ્કર બાબત બની ગઈ છે. આજનું માનવજીવન અશાંતિના અખંડ અગ્નિમાં શેકાય છે અને સાચી શાંતિ પ્રાપ્ત કરવા માટે ઝંખ્યા કરે છે. આવી અખંડ અશાંતિના કારણે માનવ જીવન કૃત્રિમ આનંદ, સંતોષ અને શાંતિ પ્રાપ્ત કરવા માટે કુસંગે, કુટેવો અને વ્યસનોમાં ફસાઈ જાય છે. આવી રીતે કૃત્રિમ શાંતિ પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં ફસાયેલું માનવજીવન ડાયાબિટિશ, બ્લડપ્રેશર, કેન્સર, એઈડ્સ વગેરે જેવા જીવલેણ રોગોનો શિકાર બને છે. આવા જીવલેણ રોગોના શિકારથી માનવી અત્યંત ચીડિયો, અભિમાની, ક્રોધી, કજિયાખોર અને અત્યંત અશાંત બની જતાં, ક્યારેક કોઈનું ખૂન કરી જેલમાં જાય છે અથવા કોઈપણ રીતે આપઘાત કરી પોતાના જીવનનો અંત આણે છે. માનવજીવનના આવા કરુણ અંતરૂપી રોગના નિવારણ માટે સૌથી અગત્યનું, પ્રથમ અને મુખ્ય ઔષધ જો કોઈ હોય તો તે છે : 'સંપ'.

આજનું માનવજીવન એટલે કુટુંબવ્યવસ્થામાં પરોવાયેલું અને ગોઠવાયેલું સમગ્ર વિશ્વ. આજનાં આધુનિક ઉપકરણો, સંદેશાવ્યવહારનાં સાધનો, માર્ગ અને વાહન વ્યવહારની અનુકૂળતા, રેલવે-વિમાન અને જહાજમાં સલામત અને ઝડપી મુસાફરીની અનુકૂળતા વગેરેના કારણે આજે સમગ્ર વિશ્વના દેશો એકબીજાની ખૂબ નજીક આવી ગયા છે અને સમગ્ર વિશ્વ જાણે એક નાનું કુટુંબ બની ગયું છે, ત્યારે આવા અને સુંદર વાતાવરણના માહોલમાં કુટુંબ-પરિવારની વ્યવસ્થામાં સંયુક્ત કુટુંબો આજે હળાહળ કળિયુગના વાતાવરણની અસરમાં તૂટતાં જાય છે એ 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવી અત્યંત ચિંતાજનક બાબત છે.

આજના કળિયુગી વાતાવરણની વાસ્તવિકતાનો મને-કમને સ્વીકાર કરીને પણ વિચાર કરીએ તો, કુટુંબ વ્યવસ્થા-સંયુક્ત કે વિભક્ત કુટુંબની હોય, તોપણ તેમાં અખંડ શાંતિ, સંતોષ અને આનંદ માટે, આ પરિવારોના સભ્યો વચ્ચે પરસ્પર હૃદયપૂર્વકના સાચા સંપની લાગણી હોવી એ અત્યંત આવશ્યક છે. કુટુંબ પરિવાર એટલે ગૃહસ્થાશ્રમીનો પરિવાર. આવા ગૃહસ્થાશ્રમીના પરિવારના દરેક સભ્યો વચ્ચે પરસ્પર હૃદયપૂર્વકના સાચા સંપની લાગણી અખંડ પ્રવર્તતી હોય તો, આ પરિવારમાં અખંડ સત્સંગ, સન્મતિ, સમૃદ્ધિ, સંતોષ, શાંતિ, શિસ્ત, સંયમ, સેવા, સમાધાન, સહિષ્ણુતા, સદાચાર, સમભાવ, સુનીતિ વગેરે જેવા દિવ્ય સદ્‌ગુણોનો ભંડાર ભરેલો રહેતો હોય છે. આ દિવ્ય સદ્‌ગુણોના ભંડારથી આ પરિવારના સર્વે સભ્યોનું દરેક પ્રકારના આસુરી અને કળિયુગી સુનામી વાવાઝોડાના આક્રમણોથી અખંડ રક્ષણ પણ થાય છે.

આ જમાનામાં આજે આપણે જોઈએ છીએ કે એક બાપથી જન્મેલા ભાઈ વચ્ચે મતભેદ થાય છે. 'જર (ધનસંપત્તિ), જમીન અને જોરુ (સ્ત્રી) ત્રણેય કજિયાનાં છોરું' આ કહેવતાના અનુસંધાને કહી શકાય કે, ભાઈઓ વચ્ચે કે ભાગીદારો વચ્ચે આ ત્રણને કારણે જ ઝઘડા થાય છે. આવા ઝઘડાથી પારિવારિક જીવનમાં કે ભાગીદારી પેઢીમાં કુસંપનાં બીજ રોપાય છે. જો આ કુસંપનું નિવારણ સમજદારી, સંયમ અને સમાધાનથી તુરતમાં જ કરવામાં ન આવે તો આવા પરિવારો કે ભાગીદારી પેઢીનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. મારું અને તારું આ બે શબ્દો ભાઈઓ વચ્ચે ભેદ પાડી દે છે. જ્યાં સુધી 'આપણું' શબ્દ પરિવારમાં કે પેઢીમાં ચાલતો હોય ત્યાં સુધી કોઈ ઝઘડો થાય જ નહીં. આ મારી આવક, આ તારી આવક; આ મારો ખર્ચ, આ તારો ખર્ચ; આ મારાં છોકરાં, આ તારાં છોકરાં; આવી ભાવના થાય ત્યારે ચોક્કસ ઝગડો થવાનો અને કુસંપનો પ્રવેશ થવાનો. આવી ભાવના એટલે ઝઘડાનું અને કુસંપનું ઉદ્‌ઘાટન. મારું અને તારું એ કાતરનાં બે પાંખિયાં છે. આ પાંખિયાંએ ભાઈઓ વચ્ચેના અને ભાગીદારો વચ્ચેના અતૂટ સંબંધને કાપી નાખ્યો. કાતર ક્યારેય સીવવાનું કામ ન કરે - ક્યારેય સાંધવાનું કામ ન કરે.

આજના જમાનામાં ઝગડાના નિવારણ માટે ભાઈઓ અને ભાગીદારો અદાલતનો આશરો લે છે. અદાલતમાં ભલે ફરિયાદ અને ન્યાય શોભતા હોય, પરંતુ ઘર તો સમાધાનથી જ શોભે છે. હક્ક અને અધિકારની વાતો પારકા વચ્ચે ભલે થતી હોય, પણ મામકા એટલે આપણા વચ્ચે તો ત્યાગની જ વાત શોભાસ્પદ છે. પરિવારના સભ્યોએ સારું ઘર બાંધવામાં સફળતા મેળવી,

પણ એ ઘરમાં સારી રીતે રહેવામાં સફળતા પ્રાપ્ત કરવા માટે હંમેશાં મનને સમાધાનના રસ્તે જ વાળવું પડે છે. મોટાં ઘર હોવાથી પરિવારની શોભા નથી, પણ તેમાં રહેનારાનાં મન મોટાં હોય તો જ મોટાં ઘર શોભે છે. મોટો કોને કહેવાય? જે સહન કરે, જેની સમજણમાં ત્યાગ અને સેવાની ભાવના હોય, સદાચારી અને સદ્‌ગુણી હોય; હંમેશા કોઈપણ ભોગે સમાધાન માટે તૈયાર હોય તે જ મોટો કહેવાય. પરિવારના સભ્યો કે ભાગીદારી પેઢીના સભ્યો વચ્ચે આવી રીતે મોટા થવા માટેની સતત તંદુરસ્ત અને પારદર્શક હરીફાઈ થતી રહે ત્યાં સુધી કુસંપ કે ઝગડો પ્રવેશ કરી શકે જ નહીં.

આપણો જન્મ થયો ત્યારથી આપણા શરીરનું દરેક અંગ, અવયવો, દરેક તંત્ર વગેરે એકબીજાના પૂરક બનીને જે રીતે સંપથી કામ કરે છે તે બાબતે વિચારીએ તો આપણને 'સંપ' શબ્દને ચરિતાર્થ થતો પ્રત્યક્ષ જોઈ, જાણી ને અનુભવી શકીએ છીએ. આપણા બે પગ વચ્ચે કેવી મૈત્રી છે! જુઓ, જો જમણો પગ આગળ જાય તો ડાબો પગ આપોઆપ પાછળ રહે અને ડાબો પગ આગળ જાય તો જમણો પગ પાછળ થઈ જાય. તેનાથી કેવી સુસંવાદિતતા જળવાય છે! આપણે ખોરાક લઈને આરામ કરીએ છીએ ત્યારે આપણા પાચનતંત્રના દરેક અવયવો આ ખોરાકના પાચન માટે કામે લાગી જાય છે અને તેમાં આપણા આરામમાં કોઈ ખલેલ પહોંચાડતા નથી! ડાબા હાથમાં દુઃખાવો થતો હોય તો તેનું કામ જમણો હાથ તરત જ કરે છે અને ડાબા હાથને આરામ આપે છે! આવી મૈત્રી અને આવી સમજણ જગતના જીવો અપનાવવા માંડે તો કુસંપ, ઝઘડો, ઈર્ષ્યા, પાપ, અભિમાન વગેરે દુર્ગુણોને તો આપઘાત જ કરવો પડે.

જે ઘરમાં દરેક સભ્યોમાં સત્સંગના સંસ્કાર હોય તો તે ઘરનાં સભ્યો વચ્ચે પરસ્પર સંપ હોય જ અને જ્યાં સંપ હોય ત્યાં ભોજન સાત્ત્વિક હોય, કુસંપ હોય ત્યાં ભોજન રાજસી અને તામસી હોય. કુસંપવાળા પરિવારનું ભોજન પરમાત્માને ધરાવ્યું હોય તો પરમાત્મા કદાચ આંખો બંધ કરતા હશે અને નાક આડો રૂમાલ પણ રાખતા હશે, કારણ કે આવા પરિવારના ભોજનને જોવા માંગતા નથી અને તેની સુગંધ પણ લેવા માંગતા નથી. આજના જમાનામાં માનવીના મનમાં કળિયુગની અસરને કારણે ભયંકર આંટીઓ હોય છે, જેના કારણે અહંકારી અને અભિમાની માનવી પોતે દુઃખી થવા તૈયાર છે પણ સમાધાન કરી ઝૂકી જવા તૈયાર નથી. દરેક જણ પોતાના અભિમાનને જ પંપાળતા હોય છે. આજે સગો બાપ પોતાના દીકરાને કાંઈ કહી શકતો નથી. દીકરો કાંઈ અવળું અને અઘટિત કાર્ય કરે, છતાં બાપ તેને વઢી શકતો નથી. બાપ કાંઈ કહે, તો દીકરો તરત બાપને ફૂંફાડા મારે કે, 'બેસો છાનામાના, તમને શી સમજણ પડે!' આવા શબ્દો સાંભળી બાપ વિચારે જ કે 'મને સમજણ ન પડી માટે જ તને મોટો કર્યો!!!' આજના કળિયુગી આવા દીકરાઓ હોય તો બાપને કેવી અશાંતિ રહેતી હશે તેનો કોઈ વિચાર કરતું નથી. આવા દીકરાઓ હોય ત્યારે સંયુક્ત કુટુંબમાં સહેલાઈથી અને સરળતાથી કુસંપના પ્રવેશ માટેનાં દ્વાર ખુલી જાય છે અને સંયુક્ત કુટુંબ વેરવિખેર થઈ વિભક્ત કુટુંબમાં ફેરવાઈ જાય છે. સંપ હોય ત્યાં સુધી આવા કુટુંબમાં ભવિષ્યની કોઈ ચિંતા ન હોય, પરંતુ જ્યારે કુસંપનો પ્રવેશ થાય ત્યારે આવા કુટુંબના ભવિષ્ય માટે તો પરમાત્માને પ્રાર્થના જ કરવી પડે.

વહાલા સત્સંગી હરિભક્તો, જીવનમાં હંમેશાં દિવાલ જેવા નહીં, પણ પુલ જેવા બનીએ તો જીવન હંમેશાં નંદનવન લાગશે. પરિવારમાં જ્યારે સભ્યો વચ્ચે પરસ્પર સંપ, પ્રેમ, પ્રીતિ, સ્નેહ, લાગણી, ત્યાગ વગેરે જેવા દિવ્ય સદ્‌ગુણો વિદાય થવા લાગે ત્યારથી કુસંપ અને વેરનાં બીજ ઊગવાં શરૂ થઈ જાય છે. ગૃહસ્થાશ્રમી પરિવારમાં અખંડ પ્રસન્ન કુટુંબજીવન અને અખંડ સંપ એટલે આ પરિવારમાં 'સમજદારીનો સરવાળો, અપેક્ષાઓની બાદબાકી, સહકારનો ગુણાકાર અને અવિશ્વાસનો ભાગાકાર'. આ સૂત્ર વાક્યને દરેક માનવી જીવનમાં અમલમાં મૂકી ચરિતાર્થ કરે તો ક્યારેય અશાંતિનો કોઈપણ સ્વરૂપે પ્રવેશ અટકી જાય છે. કોઈપણ ગૃહસ્થાશ્રમી પરિવારની અખંડ શાંતિ માટે 'સંપ'નું આ મહત્ત્વ સમજવા માટે એક સત્સંગી, સંસ્કારી, સત્ત્વગુણી અને સદાચારી સંયુક્ત પરિવારમાં બનેલી ઘટના વિશે જોઈએ.

એક સંયુક્ત પરિવારમાં માતા-પિતા સાથે ચાર

પુત્રો અને ચાર પુત્રવધૂઓ રહેતાં હતાં. પરિવારનો દરેક સભ્ય સદાચારી અને સત્ત્વગુણી હતો. આર્થિક રીતે પણ આ પરિવાર સુખી અને સમૃદ્ધ હતો. જ્યાં સુધી ચારેય દીકરાઓનાં લગ્ન થયાં ન હતાં ત્યાં સુધી માતા-પિતા અને ચારેય પુત્રો ખૂબ જ સંપથી રહેતા હતા. આ સંપને કારણે પરિવારના વ્યાપાર-ધંધામાં પણ રોજ રોજ બરકત અને લાભ જણાતો હતો. દીકરાઓનાં જેમ જેમ લગ્ન થતાં ગયાં અને જુદા જુદા પરિવારની દીકરીઓ પોતાના માવતરના સંસ્કારો લઈને પુત્રવધૂઓ તરીકે આ પરિવારમાં આવી તેમ તેમ, પુત્રવધૂઓના જુદા જુદા સ્વભાવ અને સંસ્કારોને કારણે આ પરિવારમાં સાચા સંપના વાતાવરણમાં ફેરફાર થતો ગયો. આ ફેરફારથી આ સંયુક્ત પરિવારમાં ધીમે ધીમે ઉદ્વેગ, અશાંતિ, કલેશ, ચિંતા વગેરેના વાતાવરણનું સર્જન થતું ગયું અને વ્યાપાર - ધંધામાં પણ બરકત અને લાભમાં ઘટાડો થવા લાગ્યો.

આ પરિવારના વડીલ ખૂબ જ ધાર્મિક સ્વભાવના, સત્વગુણી, શાણા અને બુદ્ધિશાળી હતા. પરિવરના નવા વાતાવરણથી તેઓ ખૂબ જ વ્યથિત થઈ ગયા. તેમણે તરત જ નિર્ણય કર્યો કે હવે દરેક દીકરાને તેમનો ભાગ આપી જુદા કરવા જોઈએ. આવો વિચાર કરીને એક રાત્રે જ્યારે તેઓ સૂઈ ગયા ત્યારે સ્વપ્નમાં તેમને શ્રી લક્ષ્મીદેવીનાં દર્શન થયાં. વડીલે લક્ષ્મીદેવીને વંદન કરી પ્રાર્થના કરી કે, 'હે માતા, અમારા પરિવારમાં સંપના વાતાવરણમાં ધીમેધીમે ફેરફાર થતો જણાય છે, તેથી મેં દરેક દીકરાને જુદા કરવાનો નિર્ણય કર્યો છે. આપને પ્રાર્થના કરું છું કે, આપ દરેક દીકરાના પરિવારમાં પણ વસવાટ કરજો અને એમના પરિવારમાં કાયમ સંપ રહે એવા આશીર્વાદ આપજો.' શ્રી લક્ષ્મીદેવીએ આ પ્રાર્થના સાંભળી ખૂબ જ આશીર્વાદ સાથે વડીલને આજ્ઞા કરી કે, 'હે વત્સ, તારી પ્રાર્થના સાચી, સમભાવ અને સમદષ્ટિવાળી છે, તેથી હું તારી ઉપર ખૂબ જ પ્રસન્ન છું. તારા ધાર્મિક, સદાચારી અને સત્ત્વગુણી સ્વભાવને કારણે જ હું તારા પરિવારમાં દૈવી લક્ષ્મીસ્વરૂપે રહું છું. પુત્રવધૂઓના સ્વભાવને સાથે બેસાડીને જણાવજે કે, શ્રી લક્ષ્મીદેવી એટલે કે હું, તમારા પરિવાર ઉપર ખૂબ જ પ્રસન્ન છું અને સાથે જણાવજે કે, દરેક પુત્રવધૂને આવતી કાલે રાત્રે સ્વપ્નમાં દર્શન દઈશ અને દરેકને જે માંગણી કરવી હોય તે માટે મને જણાવે તો હું દરેકની માગણી પૂર્ણ કરીશ આ મારું વચન છે.'

બીજા દિવસે સવારે પરિવારના વડીલે દરેક પુત્ર અને પુત્રવધૂને સાથે બેસાડી જણાવ્યું કે, 'આપણા પરિવારમાં ઘણા સમયથી પરસ્પર  સંપ ને લાગણીના વ્યવહારમાં ઓટ આવતી જણાય છે, તેથી મેં દરેકને મારી સ્થાવર-જંગમ મિલકતનો સરખો ભાગ આપીને જુદા કરવાનો વિચાર કર્યો છે અને આ વિચાર સાથે સૂઈ ગયો ત્યારે સ્વપ્નમાં મને શ્રી લક્ષ્મીદેવીએ દર્શન દીધાં હતાં.' સ્વપ્નની વાત કરી દરેક પૂત્રવધૂને જણાવ્યું કે, 'આજે રાત્રે તમને દરેકને સ્વપ્નમાં શ્રી લક્ષ્મીદેવીનાં દર્શન થશે ત્યારે તમારે જે માંગવું હોય તેની પ્રાર્થના કરશો તો લક્ષ્મીદેવી તમારી ઇચ્છા પૂર્ણ કરશે.' વડીલની આ વાત સાંભળી દરેક પુત્ર અને પુત્રવધૂ બંનેએ પરસ્પર વિચારવિમર્શ કરી રાત્રે સ્વપ્નમાં શ્રી લક્ષ્મીદેવી પાસે માંગણી માટેની શી પ્રાર્થના કરવી તેનો નિર્ણય કરી લીધો.

શ્રી લક્ષ્મીદેવીના વરદાન પ્રમાણે રાત્રે દરેક વહુને સ્વપ્નમાં શ્રી લક્ષ્મીદેવીએ દર્શન આપ્યાં. ચાર વહુઓમાંથી મોટી ત્રણેય વહુઓએ પોતાના વ્યક્તિગત પરિવારના સ્વાર્થ માટે અને પોતાની ભાવિ સાત પેઢી સુધી કોઈ આર્થિક તકલીફ ન પડે એ માટે પોતાની બુદ્ધિ પ્રમાણે જુદા જુદા પ્રકારના દ્રવ્યની માંગણી શ્રી લક્ષ્મીદેવી પાસે કરી. શ્રી લક્ષ્મીદેવીએ આ દરેકને 'તથાસ્તુ' કહીને જણાવ્યું કે, 'તમારા દરેકની માગણી હું મંજુર કરું છું, પરંતુ હવે પછી હું તમારા વ્યક્તિગત પરિવારમાં સંપ નહીં રહે તો અખંડ રહીશ નહીં.' સૌથી નાની વહુને પણ લક્ષ્મીદેવીએ સ્વપ્નમાં દર્શન આપ્યાં ત્યારે, નાની વહુએ પ્રાર્થના કરીને માગણી કરી કે, 'હે દેવી, આપ મારા પર પ્રસન્ન થયાં હોય તો એવું માંગુ છું કે, આપ અમારા પરિવારમાં જે કુસંપનું વાતાવરણ સર્જાયું છે તે વાતાવરણ દૂર થાય અને અમારો સમગ્ર પરિવાર પહેલાં હતો તેવો સંપીલો પરિવાર બને અને અમે બધા સંપથી સાથે જ રહીએ એવા આશીર્વાદ આપો.' નાની વહુની

આ પ્રાર્થનાથી શ્રી લક્ષ્મીદેવી ખૂબ રાજી થયાં અને નાની વહુને આશીર્વાદ સાથે જણાવ્યું કે, 'બેટા, તું ખૂબ જ સમજુ છે, તેં મારી પાસે તારા સમગ્ર પરિવાર માટે 'સંપ'ની માગણી કરી છે તેથી હું ખૂબ જ પ્રસન્ન થઈ છું અને જે પરિવારમાં 'સંપ' હોય ત્યાં હું અખંડ રહું જ છું' માટે તારા સમગ્ર પરિવારમાં અખંડ સંપનું વાતાવરણ રહેશે અને હું પણ તારા પરિવારમાં અખંડ રહીશ.' શ્રી લક્ષ્મીદેવીના આ આશીર્વાદથી આ પરિવારના દરેક સભ્યના વિચારોમાં જે મતભેદ હતા, જે મનભેદ હતા, રાગદ્વેષ - પૂર્વગ્રહ - વેરઝેર - ઈર્ષ્યા - સ્વાર્થ - માન - અભિમાન વગેરે દુર્ગુણોના કારણે જે ઉદ્વેગ અને અશાંતિ હતી તે દૂર થઈ ગઈ અને દરેકના વિચારોમાં પરિવર્તન થવાથી પરિવારના દરેક સભ્ય વચ્ચે પરસ્પર સહૃદયભાવ અને સંપની લાગણીના પ્રવર્તનથી પરિવાર પહેલાં કરતાં પણ વધુ સુખ-શાંતિથી રહેવા લાગ્યો.

વહાલા સત્સંગી હરિભક્તો, 'સંપ' અને શ્રી લક્ષ્મીદેવીને કેવો સંબંધ છે તે ઉપર જણાવેલ પરિવારના પ્રસંગથી જાણવા મળ્યું. આ ઉપરથી આપણે નિર્ણય કરવાનો છે કે, સમગ્ર વિશ્વ આજે એક વિશાળ કુટુંબ બની ગયું છે ત્યારે, આ વિશાળ કુટુંબનો દરેક સભ્ય કુટુંબો વચ્ચે પરસ્પર ક્યારેય પણ કુસંપનો પ્રવેશ ન થાય તે માટેની સાવધાની આપણે સર્વેએ અખંડ રાખવી અત્યંત જરૂરી છે. આ વિશાળ કુટુંબમાં કોઈપણ કારણસર, કોઈપણ સ્વરૂપે, કુસંપના પ્રવેશ માટે કોઈ જાણે-અજાણે પણ નિમિત્ત બને તો પાપકર્મ કરે છે અને તેની સજા પણ આ ને આ જન્મે ભોગવવી જ પડે છે તેમાં કોઈ શંકા નથી. અન્ય પાપકર્મ કરતાં ખૂબ જ મોટું પાપકર્મ છે તેની સર્વેએ નોંધ લેવી જરૂરી છે.

આ લેખના શીર્ષકમાં 'કુસંપ ત્યાં સદાય ધરતીકંપ' લખેલ છે. આપણે સૌ જાણીએ છીએ કે ધરતીકંપ એટલે શું? ધરતીકંપ થવાનાં કારણોમાં મુખ્યત્વે જયારે પૃથ્વીના પેટાળના ભૂસ્તરોમાં અતિશય અને તીવ્ર ગરમીમાં સમતોલપણું જળવાય નહીં ત્યારે, પૃથ્વીના પેટાળમાં ધ્રુજારી ઉત્પન્ન થાય અને તે ધ્રુજારી પૃથ્વી ઉપર વિનાશક ધરતીકંપ સ્વરૂપે ઓળખાય છે. દરિયાના પેટાળમાં જયારે તીવ્ર ગરમીના આવા અસમતોલપણાને કારણે જે ધ્રુજારી થાય તેની અસરથી દરિયાનાં પાણી ભયંકર તીવ્ર ગતિનાં મોજાં ભરતીસ્વરૂપે કાંઠાના પ્રદેશોમાં પૃથ્વી ઉપર ફરી વળે તે દરિયાની સુનામી તરીકે ઓળખાય છે. એવી જ રીતે પૃથ્વી ઉપરના વાતાવરણમાં હવાના દબાણમાં સમતોલપણું જળવાય નહીં અને જયારે એક સ્થળે શૂન્યાવકાશ હોય અને બીજા સ્થળે હવાનું ખૂબ જ દબાણ હોય ત્યારે, આવા અસમતોલપણાને લીધે વધુ દબાણવાળા સ્થળેથી હવા, પવન અને વંટોળિયા સ્વરૂપે તીવ્ર ગતિથી શૂન્યાવકાશ સ્થળે ગતિ કરે તેને વાવાઝોડાની પણ સુનામી કહે છે. આ ત્રણેય પ્રકારમાં જાનમાલની જે ભયંકર ખુવારી થાય છે તે આપણે સૌ જાણીએ છીએ. આવું જ ભયંકર નુકસાન પરિવારમાં કુસંપના પ્રવેશથી થાય છે, તેથી જ કુસંપને ધરતીકંપ સાથે સરખાવવામાં આવે છે.

વિશ્વની સમગ્ર સજીવ સૃષ્ટિમાં કુસંપના કારણે ધરતીકંપ અનુભવ દરેક જીવ-પ્રાણી માત્રને થાય છે. કુસંપ એટલે સમભાવ, સમરસ, સમદૃષ્ટિ વગેરેના અભાવથી ઉત્પન્ન થતો માહોલ. કુસંપ એટલે આજના કળિયુગના કારણે કુસંગ, કુટેવ, મોજશોખ, ફેશન, વ્યસન, સ્વાર્થ, અનીતિ, ક્રોધ, અભિમાન, વેરઝેર, ઈર્ષ્યા વગેરે દુર્ગુણોના પ્રવેશથી પરિવારમાં ઉત્પન્ન થતો ઉદ્વેગ અને અશાંતિનો માહોલ. કુસંપ એટલે વ્યક્તિગત જીવનમાં કિંમતી સમયની અને શારીરિક, આર્થિક અને માનસિક આરોગ્યની અવગણનાને કારણે વ્યક્તિગત જીવનમાં રોગસ્વરૂપે કે અન્ય કોઈ સ્વરૂપે આવતી અશાંતિ. કુસંપની આ દરેક બાબતોને સરળતાથી સમજીએ.

ખૂબ જ સુખી સંતોષી અને સમૃદ્ધિવાળા પરિવારના સભ્યોમાં જ્યારે કોઈ એક કે વધુ સભ્યો દ્વારા કોઈપણ સ્વરૂપે અને કોઈપણ કારણે જાણે-અજાણે કુસંપનો પ્રવેશ થાય ત્યારે કુટુંબમાં જે સમતોલ વાતાવરણ હતું તેમાં અસતોલપણાનું વાતાવરણ સર્જાય. તેનાથી કુટુંબના વડીલને તેમજ કુટુંબના હિતચિંતકોને પારાવાર વ્યથા, ઉદ્વેગ, અશાંતિ અને ચિંતા થાય તે માહોલ પણ, કુસંપના કારણે પરિવારમાં આવેલો ધરતીકંપ જ કહેવાય. એવી જ રીતે વ્યક્તિગત જીવનમાં નીરોગી

અને તંદુરસ્ત શરીરમાં વ્યક્તિની કુટેવો અને વ્યસનોને કારણે શરીરના દરેક તંત્રો અને અવયવોના સમતોલપણામાં ફેરફાર થતાં જીવલેણ રોગો જેવા કે ડાયાબિટીશ, બ્લડપ્રેશર, ટી.બી., કેન્સર, એઈડ્સ વગેરેનો પ્રવેશ થાય. તે સંયુક્ત પરિવારના કોઈ સભ્યમાં મોજશોખ, વૈભવ-વિલાસ, સંગદોષ, ફેશન, કોઈપણ પ્રકારના જુગાર વગેરેના કારણે જે આર્થિક પાયમાલી થાય અને પરિણામે વ્યક્તિને કે પરિવારને દેવાળું કાઢવાનો - નાદારી જાહેર કરવાનો કપરો સમય આવે તેને વ્યક્તિગત જીવનમાં કે પરિવાર જીવનમાં આર્થિક ધરતીકંપ થયો કહેવાય.

વહાલા સત્સંગી હરિભક્તો, આપણે સૌ જાણીએ છીએ કે, આજના કળિયુગમાં જ્યાં પરમાત્માની કૃપા હશે ત્યાં જ સદાચાર, નીતિ, સમાધાન, સંયમ, સેવા, દયા, ત્યાગ, પરોપકાર, સહિષ્ણુતા, નિર્માનીપણું, નિઃસ્વાર્થીપણું વગેરે જેવા દિવ્ય સદ્‌ગુણો પ્રવર્તતા હશે અને ત્યારે જ વ્યક્તિગત જીવનમાં, કુટુંબજીવનમાં, સમાજજીવનમાં અને સમગ્ર માનવજીવન તેમજ સમગ્ર સજીવ સૃષ્ટિમાં સંપ અને શાંતિ પ્રવર્તતી હશે. જડ અને ચેતન સર્વેમાં જ્યાં જ્યાં સમતોલપણું જળવાય નહીં, એટલે કે સંપનું વાતાવરણ જળવાય નહીં, ત્યાં હંમેશાં કોઈને કોઈ સ્વરૂપે ધરતીકંપરૂપી અશાંતિ રહેશે. આપણા સર્વેની પવિત્ર અને નૈતિક ફરજ બની રહે છે કે, આપણા વ્યક્તિગત જીવનમાં, કુટુંબજીવનમાં, સમાજજીવનમાં દરેક સ્થળે જાણે-અજાણે પણ આપણે કુસંપરૂપી ધરતીકંપના વાતાવરણના સર્જન માટે ક્યારેય પણ નિમિત્ત ન બનીએ. આપણા સમગ્ર જીવનમાં અખંડ સંપના પ્રસ્થાપન માટે અત્યંત જરૂરી એવા સત્પુરુષના સત્સંગનો કાયમ યોગ આપણને પ્રાપ્ત થાય, જેના દ્વારા આપણા પરિવારમાં અને સમગ્ર સત્સંગ પરિવારમાં સર્વેને દિવ્ય સમજણ અને દિવ્ય શક્તિ પ્રાપ્ત થાય એવી પરમ કૃપાળુ પરમાત્મા, સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં કરબદ્ધ પ્રાર્થના કરીએ.

અસ્તુ - જય સ્વામિનારાયણ

## ગેબી રહસ્ય - સ્ફોટ

(૧) સંતાન પોતાનાં માતાપિતાનો પુનર્જન્મ છે.

(૨) સંતાન પોતાનાં માતાપિતાનું અમરપણું છે, માતાપિતાનું શરીર છૂટી ગયા પછી પણ માતાપિતા સંતાનના શરીર દ્વારા જીવિત છે જ.

(૩) સંતાનના આવિર્ભાવ દ્વારા જ પ્રાણીજગતનો વંશતંતુ કાયમ રહે છે.

(૪) જો સંતાનનો આવિર્ભાવ સદંતર અટકી જાય, તો પ્રાણી જગતું અસ્તિત્વ પણ સમાપ્ત થઈ જાય. આધ્યાત્મિક જગતમાં ગુરુસંતો અને ભૌતિક જગતમાં માતાપિતા જ વધુમાં વધુ હિતેચ્છી છે. મહાભાગ્યશાળી જ આ રહસ્યને સમજી શકે છે અને તેનો લાભ લઈ શકે છે.

- યોગભિક્ષુ

## ઓમ્ પરિવારના ઉત્સવો

| | | |
|---|---|---|
| શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધનાશિબિર નિમિત્તે | 'નિર્વિકલ્પ મુક્તિધામ'<br>નાથાભાઈ અમથાભાઈ પટેલના ખેતરમાં<br>મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. ગાંધીનગર | ૩૦-૧૨-૨૦૧૨<br>રવિવાર,<br>સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ |
| શિવરાત્રી નિમિત્તે | કુસુમ હરનાથ મંદિર,<br>અમરેશ્વર મહાદેવની સામે, વારાહી દરવાજા,<br>ઉમરેઠ-ડાકોર રોડ, મુ. ઉમરેઠ, જિ.આણંદ | ૧૦-૦૩-૨૦૧૩<br>રવિવાર,<br>સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ |

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




( समाधिपाद के सूत्रों का भावानुवाद )

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

---

- **ટ્રસ્ટના ઉદ્દેશો**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્–ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય–બહુજનસુખાય'ને લગતાં કાર્યો, જેવાં કે, કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.**

**લવાજમ દર :**

| | | |
|---|---|---|
| ત્રિવાર્ષિક સભ્ય (ભારતમાં) ... | રૂા. | ૧૦૦-૦૦ |
| આજીવન સભ્ય (ભારતમાં) ... | રૂા. | ૫૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫-૦૦ |
| આજીવન સભ્ય (પરદેશમાં) ... | $ | ૧૫૦-૦૦ |
| છૂટક નકલની કિંમત ... | રૂા. | ૧૦-૦૦ |

**લવાજમ મોકલવાનું કે "રુતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :**

**(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ (સ.સ. ભિક્ષુ)**
૩/બ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**(૨) નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩. ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણિનગર,
અમદાવાદ - ૩૮૦ ૦૦૮

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ" ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યના રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું, જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

Web : www.aumparivar.com
E-mail : aumparivar@yahoo.com

Web : www.yogabhikshu.org
Facebook : yogabhikshu.aumparivar

Registrar of News Papers of India under Regd. No. 48770/90
L-5/131/QTY./34/90-91

To,

**આદ્ય સંસ્થાપક તથા આધ્યાત્મિક વડા**
**પ.પૂ. ગુરુદેવશ્રી યોગભિક્ષુજી**

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
**AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST**
(Reg. No. E/4416 Date 11-5-81)
From : :-3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad-13
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad-9
Hon. Editor : Naishadh Vyas
I.T.Exe. DIT (E)/80G(5) / 252 / 2008-09 (Up to MARCH-2013)